dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 8 | Issue- 22 | AD - 2024, Aaso Vad - 06 | Tuesday, Dt.22-10-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




## ગાંદરબલમાં આતંકવાદી હુમલો, એક ડૉક્ટર અને છ મજૂરોના મોત



(એ.આર.એલ),જમ્મુ,તા.૨૧

આતંકવાદીઓએ ગાંદરબલમાં સોનમર્ગ નજીક ગગનગીર વિસ્તારમાં ઝેડ મોડ ટનલનું નિર્માણ કરતી કંપનીમાં કામ કરતા મજૂરો પર હુમલો કર્યો, જેમાં છ મજૂરો અને એક ડૉક્ટરનું મોત થયું. અન્ય કેટલાક કામદારો ઘાયલ થયા છે. તેમાંથી પાંચ પરપ્રાંતીય મજૂરો છે. આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા રેઝિસ્ટન્સ ફ્રન્ટએ હુમલાની જવાબદારી લીધી છે. ગગનગીર ગુંડ વિસ્તારમાં સુરંગ બનાવી રહેલી કંપની ઈપીસીઓના કર્મચારીઓના કેમ્પ સુધી પહોંચ્યા બાદ આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. જેમાં બે મજૂરોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે અન્ય પાંચ ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘાયલોમાં એક કાશ્મીરી ડોક્ટર અને અન્ય ચાર મજૂરોનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. મૃતકોની ઓળખ ડૉ. શાહનવાઝ અને મજૂરો ફહીમ નઝીર, કલીમ, મોહમ્મદ હનીફ, શશિ અબરોલ, અનિલ શુક્લા અને ગુરમીત સિંહ તરીકે થઈ છે. તેમાંથી ગુરમીત પંજાબનો, અનિલ મધ્યપ્રદેશનો અને હનીફ, કલીમ અને ફહીમ બિહારના હતા. હુમલો થતાં જ કર્મચારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. સુરક્ષા દળોએ ઘટનાસ્થળે પહોંચીને સમગ્ર વિસ્તારને ઘેરી લેવા માટે સર્ચ ઓપરેશન શરૂ કર્યું જેથી આતંકીઓને ઠાર કરી શકાય. આઈજી વીકે વિરડી પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સૂત્રોનું કહેવું છે કે આતંકીઓને પહેલાથી જ કામદારોની હિલચાલની માહિતી હતી. તેના આગમન અને જવાના સમય વિશે તેની પાસે સચોટ માહિતી હતી. આ જ કારણ છે કે કર્મચારીઓ વાહન દ્વારા કેમ્પમાં પહોંચતા જ તેમને સાવધ થવાની તક પણ આપવામાં આવી ન હતી.
















# કૌશિક વેકરીયાના પ્રયત્નોથી અમરેલી વિધાનસભામાં પૂર સંરક્ષણ માટે ૧.૩૫ કરોડ રૂપિયાના કામો મંજૂર

**ચાર ગામોમાં ફ્લડ પ્રોટેક્શન વોલ બનશે**

અમરેલી, તા.૨૧

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી વિધાનસભાના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાની સતત રજૂઆતોના પગલે જિલ્લામાં પૂર સંરક્ષણ માટેના કુલ રૂ. ૧.૩૫ કરોડના કામોને મંજૂરી મળી છે.

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા મંજૂર કરાયેલા આ કામોમાં અમરેલી તાલુકાના વડેરા ગામે રોકડિયા હનુમાન મંદિર પાસે રૂ. ૨૬.૪૨



લાખના અને દહિડા ખાતે રૂ. ૩૧.૧૫ લાખના ખર્ચે ફ્લડ પ્રોટેક્શન વોલનું નિર્માણ કરાશે. કુંકાવાવ તાલુકામાં નાની કુંકાવાવ ખાતે રૂ. ૪૫.૫૮ લાખ અને દેવગામ પાસે રૂ. ૩૧.૫૦ લાખના ખર્ચે ફ્લડ પ્રોટેક્શન વોલ બનાવવામાં આવશે.

આ તમામ કામો ટૂંક સમયમાં શરૂ કરી ઝડપથી પૂર્ણ કરવામાં આવશે.

# નિર્દોષાનંદ માનવસેવા હોસ્પિટલમાં રૂા. ૫૧ હજારનું દાન અર્પણ કરતા વસંતભાઈ મોવલીયા

અમરેલી, તા.૨૧

ટીંબી ખાતે આવેલ સેવાની અવિરત ગંગા એવી નિર્દોષાનંદ હોસ્પિટલમાં દર્દીનારાયણની નિઃસ્વાર્થ અને નિઃશૂલ્ક સેવા કરવામાં આવે છે. દર્દીની સાથે આવનાર લોકોને પણ રહેવા જમવાની સુવિધા પ્રાપ્ત થાય છે. તેમના સેવાકીય કાર્યોથી પ્રેરાઈને વ્રજ કન્સ્ટ્રકશન કંપનીનાં



માલિક અને સંજોગ ન્યૂઝનાં મોભી વસંતભાઈ મોવલીયાએ રૂા.૫૧ હજારનું અનુદાન અર્પણ કરેલ હતું. આ તકે બી.

**નિર્દોષાનંદ હોસ્પિટલ દ્વારા નિઃશૂલ્કપણે દર્દીનારાયણની સેવા કરાય છે**

એલ. રાજપરા, હસમુખભાઈ રાજપરા, સુરેશભાઈ દેસાઈ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધારીનાં મનમંદિર શૈક્ષણિક સંકુલ દ્વારા રાસ ગરબાનું ભવ્ય આયોજન



ધારી, તા.૨૧

ધારી પટેલવાડી ખાતે મન મંદિર સ્કૂલ દ્વારા શરદ પૂર્ણિમા નિમિત્તે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાલમંદિરથી ધોરણ ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓ તેમના વાલીઓ તેમજ પરિવારો રાસ ગરબામાં જોડાયા હતા. ૧ થી ૫ આવેલ બાળકોને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા હતા.

# અમરેલી જિલ્લાનાં ખેડૂતોને પાક વળતર ચૂકવવા બાબતે ધારાસભ્યોનાં ગાંધીનગરમાં ધામા

**કૃષિમંત્રી રાઘવજી પટેલને કરી રજૂઆત**

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લામાં તાજેતરમાં ભારે વરસાદથી ખેડૂતોનો તૈયાર માલ નિષ્ફળ ગયો છે અને ખેડૂતોનાં મોંમાં આવેલો કોળીયો ઝૂંટવાઈ ગયો છે અને અનેક ખેડૂતોની દિવાળી બગડી છે ત્યારે



અમરેલી જિલ્લાનાં ધારાસભ્યો કૌશિકભાઈ વેકરીયા, મહેશભાઈ કસવાલા, જનકભાઈ તળાવીયા અને હિરાભાઈ સોલંકીએ કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને રૂબરૂ મળી તાત્કાલિક સર્વે કરાવી પાકનું વળતર ચૂકવવા રજૂઆત કરી છે. અમરેલી જિલ્લામાં ભારે વરસાદનાં કારણે કઠોળ, મગફળી, સોયાબીન અને કપાસ જેવા પાકોને ભારે નુકસાન થયું છે જેથી જિલ્લામાં તાત્કાલિક સર્વે કરી સહાય ચૂકવવામાં આવે તેવી માંગ પણ કરી છે. આ રજૂઆતનાં પગલે કૃષિમંત્રીએ વિભાગનાં ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજી ઝડપી નિવારણ લાવવા ખાતરી આપી હતી.

# વરસાદના કારણે થયેલ નુકસાની અંગે પૂર્વ સાંસદ નારણ કાછડીયાની રજૂઆત

**ઘાસચારાનાં અને પાક નુકસાન અંગે રાહત પેકેજની માંગ**



અમરેલી, તા.૨૧

અમરેલી સંસદીય ક્ષેત્રમાં કમોસમી ભારે વરસાદનાં કારણે મોટાભાગનાં ખેતીનાં પાકો નિષ્ફળ ગયા છે અને ઘાસચારાને પણ નુકસાન થયું છે. તેથી ગુજરાત સરકાર તરફથી ખેડૂતો માટે પાક અને ઘાસચારા નુકસાન અર્થે રાહત સહાય પેકેજ જાહેર કરવામાં આવે તેવી રજૂઆત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિમંત્રી રાઘવજી પટેલને પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ કરી છે.

# ભીંગરાડમાં ખોડીયાર માતાજીનાં મંદિરનાં શિખર પર વીજળી પડી

**મંદિર નજીક બેઠેલા ૨૦થી વધુ લોકોનો બચાવ**

અમરેલી, તા.૨૧

રવિવારે લાઠી તાલુકામાં સાંજે જોરદાર વીજળીનાં કડાકા ભડાકા સાથે મુશળધાર વરસાદ ખાબકયો હતો. જાણે કે અષાઢી માહોલ હોય તેમ વીજળીનાં જોરદાર કડાકા ભડાકા વચ્ચે ભીંગરાડ ગામમાં સોહલીયા પરિવારનાં કુળદેવી ખોડીયાર માતાજીના મંદિરનાં શિખર પર જોરદાર વીજળી પડી હતી. જેના કારણે શિખરને નુકસાન થયું હતું. મંદિરથી ફકત ૨૦-૨૫ ફૂટનાં અંતરે બેઠેલા ૨૦થી વધુ લોકોનો ચમત્કારિક બચાવ થયો હતો.



# બાબરાનાં ખાખરીયા ગામે ઉભા પાકોને થયેલ નુકસાનનો સર્વે કરી સહાય ચૂકવવા રજૂઆત

બાબરા, તા.૨૧

બાબરા તાલુકાનાં ખાખરીયા ગામે છેલ્લા આઠ દિવસથી પડેલા વરસાદના કારણે ખેડૂતોનાં ઉભા પાકને નુકસાન થયું છે. બાબરા તાલુકાનાં ગામોમાં ભારે વરસાદનાં કારણે ખેડૂતોને નુકસાન થવા પામ્યું છે. જેથી આ તમામ ગામોમાં પણ સર્વે કરવા રજૂઆત કરી છે. જેથી સરકાર ખાખરીયા ગામે સર્વે કરી ખેડૂતોને સહાય કરે તેમ ખાખરીયા ગામનાં યુવા સરપંચ




વિપુલભાઈ કાચેલાએ રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કૃષિમંત્રી રાઘવજી પટેલ, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા સહિતને પત્ર પાઠવી સર્વે કરવા માંગ કરી હતી.

# જાફરાબાદ તાલુકાના જીકાદ્રી ગામે સિંહણના હુમલામાં બાળકનું મોત

અમરેલી તા.૨૧

જાફરાબાદ તાલુકાના જીકાદ્રી ગામે ખેત મજૂરના છ થી સાત વર્ષના બાળક પર સિંહણે હુમલો કરી દેતા બાળકનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું છે. મહુવા તાલુકાના ડોળીયા ગામના વતની લાલજીભાઈ જોળીયા ખેત મજૂરી માટે જાફરાબાદ તાલુકાના જીકાદ્રી ગામે આવ્યા હતા.આજે સાંજના સમયે તેઓ પરીવાર સાથે કપાસ



લઈને જઈ રહ્યા હતા ત્યારે તેમની પાછળ તેમના બે બાળકો આવી રહ્યા હતા. તે દરમિયાન અચાનક જ સિંહણ બાળકો સામે આવી ગઈ હતી અને ઘુરકિયા કરવા લાગી હતી. બાળકો કંઈ સમજે તે પહેલા તો આરુષ લાલજીભાઈ જોળીયા નામના એક બાળકને ઉઠાવી ગઈ હતી અને બાળકને ફાડી ખાધો હતો. ઘટનાની જાણ થતા જ વન વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતબાળકને પીએમ અર્થે જાફરાબાદ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

# અમરેલી જિલ્લામાં તા.૦૩ નવેમ્બર સુધી સભા, સરઘસ અને હથિયારબંધી

અમરેલી તા.૨૧

આગામી દિવસોમાં દિવાળી અને નૂતન વર્ષ તેમજ ભાઈબીજના તહેવારોની ઉજવણી થવાની હોય અમરેલી જિલ્લામાં કાયદો-વ્યવસ્થા, જાહેર સુલેહ-શાંતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને હેતુથી અમરેલી જિલ્લામાં સભા, સરઘસ અને હથિયારબંધી સહિતની મનાઈ ફરમાવતું જાહેરનામુ અમરેલી જિલ્લા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદૂક, ચપ્પુ, લાકડી અથવા લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની, કોઈપણ ક્ષય ધર્મી અથવા કોઈપણ સ્ફોટક પદાર્થો લઈ જવા સહિતની બાબતો પ્રતિબંધિત છે. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠાં કરવાની તથા તૈયાર કરવાની કે, વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃત્તિઓ અથવા પૂતળા દેખાડવાની, લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવા મનાઈ છે. આ જાહેરનામાનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ કલમ-૧૩૧ અને કલમ-૧૩૫ અન્વયે સજા અને દંડને પાત્ર છે, આ જાહેરનામુ તા.૦૩ નવેમ્બર,૨૦૨૪ સુધી અમલી રહેશે.

# પરવાનગી સિવાય ફ્લાઈટ, હેલિકોપ્ટર, ડ્રોનના ઉતરાણ અને ઉડ્ડયન પર પ્રતિબંધ

અમરેલી, તા.૨૧

આગામી તા.૨૮ ઓક્ટોબર સોમવારના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દૂધાળા અને અને લાઠી ખાતે આયોજિત સમારોહમાં ઉપસ્થિત રહેશે. વડાપ્રધાનની સુરક્ષાને ધ્યાને લેતા અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિત-૨૦૨૩ની કલમ-૧૬૩ અંતર્ગત જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે. તા.૨૮ ઓક્ટોબર, ૨૦૨૪ સોમવારના રોજ દુધાળા હેલિપેડ, લાઠી શહેર ખાતેના સભા સ્થળ તથા વડાપ્રધાન જે માર્ગે પસાર થવાના છે તે વિસ્તારોના નો-ફ્લાય ઝોન જાહેર કરવામાં આવ્યો છે. આ વિસ્તારોમાં જિલ્લા મેજિસ્ટ્રેટની પરવાનગી સિવાય તમામ ફ્લાઈટ, હેલિકોપ્ટર, ડ્રોન કે અન્ય તમામ પ્રકારના ઉતરાણ કે ઉડ્ડયન કરવા પર પ્રતિબંધ છે. આ પ્રતિબંધ લાઠી તાલુકાના દુધાળા ખાતે હેતની હવેલી ખાતેના હેલિપેડ તથા હેતની હવેલી ખાતેનાં કાર્યક્રમની આસપાસના ત્રણ કિ.મી. ત્રિજ્યા વિસ્તાર, લાઠી ખાતે જાહેર સભા સ્થળ તથા તેની આસપાસના ત્રણ કિ.મી. ત્રિજ્યા વિસ્તાર અને વડાપ્રધાન જે રુટ પરથી પસાર થાય તે રુટ પરના ત્રણ કિ.મી. ત્રિજ્યા વિસ્તારમાં લાગુ પડશે. આ હુકમનો ભંગ કરનાર સામે કાનૂની કાર્યવાહી કરાશે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શાયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ · શ્રેષ્ઠ ગ્રાહક સેવા · ગુણવતાયુકત કામ · પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# લીલીયા તાલુકામાં કમોસમી વરસાદથી ખરીફ પાકને નુકસાન: રાહત પેકેજની માંગ

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકામાં તાજેતરમાં થયેલા કમોસમી વરસાદથી ખરીફ પાકને વ્યાપક નુકસાન થયું છે. આ મુદ્દે જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન રમીલાબેન ધોરાજીયાએ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને તાત્કાલિક રાહત પેકેજની માંગ કરી છે. પત્રમાં જણાવ્યા અનુસાર, લીલીયા તાલુકામાં ગાજવીજ અને ભારે પવન સાથે કમોસમી વરસાદ પડ્યો છે. આ વિસ્તારમાં મોટાભાગના લોકો ખેતમજૂરી અને ખેતી પર નિર્ભર છે. કપાસ, મગફળી, અજમો, દિવેલા, તલ અને મગ જેવા ખરીફ પાકો તૈયાર થઈ ગયા હતા અને કાપણી-લણણીનો સમય હતો, ત્યારે આ કમોસમી વરસાદથી પાકને મોટું નુકસાન થયું છે. રમીલાબેન ધોરાજીયાએ પત્રમાં માંગ કરી છે કે સરકાર 'ડિજિટલ ક્રોપ સર્વે' કરીને તાત્કાલિક રાહત પેકેજ જાહેર કરે. તેમણે જણાવ્યું કે ખેડૂતોએ મોંઘા બિયારણ, ખાતર, દવાઓ અને મજૂરી પાછળ ખર્ચ કર્યો છે અને હવે આ મુશ્કેલ પરિસ્થિતિમાં તેમને મદદની જરૂર છે.

**ખેડૂતોની મુશ્કેલી દૂર કરવા 'ડિજિટલ ક્રોપ સર્વે'ની માંગ : જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન દ્વારા મુખ્યમંત્રીને પત્ર**

# બાબરા તાલુકાના ગ્રામ્ય રસ્તાઓના વિકાસ માટે ૧૦.૨૦ કરોડની ફાળવણી



બાબરા, તા.૨૧

ચોમાસામાં ગ્રામીણ વિસ્તારના રસ્તાઓને સુંદર અને સુગમ બનાવવાના ઉદ્દેશ્યથી, લાઠી-બાબરાના લોકપ્રતિનિધિઓ જનકભાઈ તળાવીયા અને સાંસદ ભરતભાઈ સુતરીયાના સંયુક્ત પ્રયાસોને સફળતા મળી છે. મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત બાબરા તાલુકાના ગામડાંઓના રસ્તાઓ માટે ૧૦ કરોડ ૨૦ લાખ રૂપિયાની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને કરાયેલી ભારપૂર્વક રજૂઆતના પરિણામે, ૪ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૧૦ કરોડ ૨૦ લાખ રૂપિયાની રકમ મંજૂર કરવામાં આવી. આમાંથી બાબરા તાલુકાના ગમાપીપળીયાથી મિયાખીજડીયા સુધીના ૭ કિલોમીટર લાંબા રસ્તા માટે ૨ કરોડ ૧૦ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ મંજૂરીથી બાબરા પંથકના ગ્રામીણ રસ્તાઓ વધુ સારા અને સુવિધાજનક બનશે. આ મંજૂરીથી ગ્રામીણ વિસ્તારના ખેડૂતો અને માલધારીઓમાં ખુશીનું મોજું ફરી વળ્યું છે. તેઓએ જનકભાઈ તળાવીયા અને ભરતભાઈ સુતરીયાની ગામડાંઓ પ્રત્યેની સંવેદનશીલતાની પ્રશંસા કરી છે.

# સાવરકુંડલા નગરપાલિકાનાં પૂર્વ પ્રમુખ ડી.કે. પટેલ અને તેમની ટીમની સરાહનીય કામગીરી



સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલા શિવાજીનગર ખાતે શેરી નં.૧માં લગભગ ૩ વર્ષથી રોડની વચ્ચે ખાડાઓ પડેલ છે. જેની રજૂઆત અવારનવાર નગરપાલિકાને કરવા છતાં તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કામગીરી કરવામાં આવી ન હતી. આ બાબતની જાણ નગરપાલિકાનાં પૂર્વ પ્રમુખ ડી.કે. પટેલને થતાં સ્થાનિક લોકો, તેમની ટીમની સાથે રહીને ખાડા બુરવાનું કામ જાતે કર્યું હતું. સ્થાનિક લોકોએ તેમની ટીમની કામગીરીને બિરદાવેલ હતી.

# બગસરાના ૩૪ ગામના સરપંચોએ ભારે વરસાદથી થયેલ પાક નુકસાન અંગે આપ્યું આવેદન



બગસરા, તા.૨૧

બગસરા પંથકમાં ચોમાસા દરમિયાન પડેલા અતિ વરસાદના કારણે ખેડૂતોના પાકોને વ્યાપક નુકસાન થયું છે. આ મુદ્દે આજે બગસરા મામલતદાર કચેરી ખાતે ૩૪ ગામના સરપંચોએ એકત્રિત થઈને આવેદનપત્ર આપ્યું હતું. ચોમાસા દરમિયાન બગસરા વિસ્તારમાં ૧૨૦૦ મિમી (૪૮ ઈંચ) જેટલો ભારે વરસાદ નોંધાયો હતો. આ અતિવૃષ્ટિના કારણે ખેડૂતોના પાકોનું ધોવાણ થયું છે અને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. તાલુકા પંચાયત સરપંચ એસોસિએશને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાઘવજી પટેલ, જિલ્લા વિકાસ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી, ધારાસભ્ય જે.વી. કાકડિયા, સાંસદ ભરતભાઈ સુતરીયા અને કલેક્ટરને પણ આ અંગે લેખિત રજૂઆત કરી છે. સરપંચોએ આવેદનપત્રમાં માંગ કરી છે કે સરકાર તાત્કાલિક અસરથી નુકસાન પામેલા પાકોનો સર્વે કરાવે અને ખેડૂતોને સહાય પેકેજ જાહેર કરે. આ પ્રદેશના મોટાભાગના ખેડૂતોના પાકો સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે, જેના કારણે ખેડૂતો આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે.

**૪૮ ઈંચ વરસાદથી ખેડૂતોને કરોડોનું નુકસાન, સહાય પેકેજની માંગ**

## અવસાન નોંધ

**કોડીનાર**


સ્વ. લીલાવંતી કુમનલાલ વિઠલાણી (ઉ.વ.૭૬)નું તા. ૨૦/૧૦ના રોજ અવસાન થયેલ છે. તે ચેતનભાઈ (વેળવા), ચંદ્રેશભાઈ, દિવ્યેશભાઈ (ભવાની આલુ ભંડાર) તેમજ યોગીતાબેન ચેતનભાઈ કાનાણી (પોરબંદર), રીટાબેન રાજેશભાઈ હિંડાચા (રાજકોટ), સંગીતાબેન રાજેશભાઈ તન્ના (સુરત), સોનલબેન ભવનેશભાઈ ચોલેરા (રાજકોટ)ના તથા શાંતિલાલ ચુનીલાલ અઢિયા પોરબંદરવાળાના બેન થાય છે.


**વિસાવદર (હાલ ભાવનગર)**

સ્વ. કાન્તાબેન ધીરૂભાઈ કાનાબાર (ઉ.વ.૮૦)નું તા.૧૯-૧૦ના રોજ અવસાન થયેલ છે. તે સ્વ. ધીરૂભાઈ ઓધવજીભાઈ કાનાબાર (વિસાવદર) ના પત્ની, હિનાબેન ધીરૂભાઈ કાનાબારના માતૃશ્રી, શૈલેષ કુમાર ધીરજલાલ હરીયાણી (ભાવનગર)ના સાસુ, જાનકીના નાની, સ્વ.હરીદાસ ઓધવજીભાઈ કાનાબારના નાનાભાઈના પત્ની, સ્વ.મુક્તાબેન આર. સુચક, સ્વ. જયાબેન પી. કંટારીયા, મંજુલાબેન આર. રાજા, હસુબેન વી. સેજપાલના ભાભી, સ્વ.ભાણજીભાઈ ડુંગારશીભાઈ ઓંધીયા (ભાવનગર)ના દીકરી, સ્વ. રામજીભાઈ, સ્વ.વિઠ્ઠલભાઈ, સ્વ.અનંતરાય, સ્વ. બાબુભાઈના બહેન થાય છે.

**સંકુલ દિવાળી વેકેશન - નવા પ્રવેશ ચાલુ**
★ KG થી ધો. 5 બન્ને મિડીયમ ગર્લ્સ – બોયઝ સ્કૂલ
★ ધો. ૬ થી ૧૨ આર્ટસ – કોમર્સ – સાયંસ બન્ને મિડીયમ ગર્લ્સ સ્કૂલ
★ BA - B.Com - B.Sc. - BBA - BCA - MA - M.Com.-M.Sc.
★ MBA - MCA - B.Pharam - B.Ed. - PG DMLT ગર્લ્સ કોલેજ
★ ધો. ૬ થી ૧૨ કોમર્સ ગુજરાતી મિડીયમ કુમાર શાળા – સેપરેટ કમ્પાઉન્ડ
★ ધો. ૬ થી PG ગર્લ્સ હોસ્ટેલ – No બોયઝ હોસ્ટેલ ઈન કેમ્પસ
**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી -Ad 066

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનો કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં
અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું
એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી




અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
• હેરકટ • ટેટ્ટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એક્સટેન્શન • હેર રીપ્લેસમેન્ટ
Raj Unisex Saloon Since:1996
રાજ ફેમિલી સલૂન
ટ્રેન્ડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.

ખુશખબર... ખુશખબર... ખુશખબર...
હવે આપના નજીકના સ્ટોરમાં ઉપલબ્ધ
અવધ બેસન
વણેલા ગાંઠીયા, ફાફડા તેમજ ચટાકેદાર ફરસાણ માટે સ્પેશ્યલ અવધ બેસન, તો રાહ શેની જુઓ છો...? આજે ઘરે લઈ આવો અને અવધ બેસનમાંથી ફરસાણ બનાવીને મજા માણો
દરેક રીટેલર તથા હોલસેલર પાસે ઉપલબ્ધ
અવધ બેસન તેમજ અવધ કરકરો ૫૦૦ ગ્રામ તથા ૧ – કિલો પેંકિંગમાં ઉપલબ્ધ
સમજદાર ગૃહિણીની પહેલી પસંદ એટલે અવધ બેસન
સોમનાથ બેસન ઈન્ડસ્ટ્રીઝ
પ્લોટ નં.૮૨-૧. જી.આઈ.ડી.સી.અમરેલી
ફોન: ૨૪૦૧૧૧/૨૪૦૧૧, મો.૯૮૨૪૨ ૩૦૫૧૫

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂ.૯૯૯
ડીલક્સ રૂમ રૂ.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

દિવાળી ધમાકા ઓફર ૮ વર્ષમાં પહેલીવાર
પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ
SINCE: 2018 (8 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.499/-
કપલ માટે Rs.999/-
ભાઈઓ માટે 1299 /- માં એક સાથે એક ફ્રી
PROFESSIONAL spa Amreli
એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665
અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665
અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ, કૈલાશ મુક્તિધામની સામે, કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665

**-//એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી.નં.૯૩/૨૦૨૪

**અરજદાર :-** શ્રી નાથાભાઈ હરિભાઈ બાબરિયા
રહે. ચિતલ, તા.જિ.અમરેલી.

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.ચિતલ, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આ કામના સામાવાળાને આ સાહેદ સમન્સ કરી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત અરજદાર તેઓના પુત્રી દયાબેન નાથાભાઈ બાબરિયાની જન્મ(તા.૦૧/૦૨/૧૯૭૦) નોંધ માટે અત્રેની કોર્ટમાં જન્મ-મરણ અધિનિયમની-૧૯૬૯ ની કલમ-૧૩ ની પેટા કલમ-૩ હેઠળ અરજી દાખલ કરેલ. જે કામથી તમોને સમન્સ કરી જાણ કરવામાં આવે છે કે, જન્મ-મરણ રજીસ્ટરમાં તેમનું નામ છે કે નહી તે ખાત્રી કરવા અસલ રજીસ્ટર તા જવાબ સાથે મુદતે તા.૦૩/૧૦/૨૦૨૪ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે હાજર રહેશો. આ ઉપરથી તમોને જાણ કરવામાં આવે છે કે, જો વ્યાજબી કારણ વગર સદરહું વખતે અને મુકામે હાજર થવાની ગફલત કરશો અથવા તેમ કરવાની ના કહેશો તો તમને હાજર થવાની ફરજ પાડવા સારૂ વોરંટ કાઢવામાં આવશે.

આજ તા.૨૫/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**એકિઝક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

# અમરેલી જિલ્લામાં કપાસ ઉત્પાદન વધારવા માટે નવીન પદ્ધતિનો પ્રચાર

અમરેલી, તા.૨૧

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, અમરેલી દ્વારા ૨૦ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ વડિયા તાલુકાના મોરવાડ ગામ ખાતે એક મહત્વપૂર્ણ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનું સંચાલન કેન્દ્રના વડા ડૉ. પી.જે. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં કેન્દ્રના વૈજ્ઞાનિકો વી.એસ. પરમાર



અને પી.ડી. ગજેરાએ સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ફોર કોટન રિસર્ચ, નાગપુર સાથે કાર્યરત પ્રોજેક્ટ વિશે મહત્વપૂર્ણ માહિતી આપી. તેમણે કપાસને સાંકડે ગાળે (૯૦x૩૦ સેમી) ના અંતરે વાવવાના ફાયદાઓ સમજાવ્યા, જેમાં ઉત્પાદન વૃદ્ધિ, ટૂંકા ગાળામાં પાક તૈયાર થવો, નિંદામણ નિયંત્રણ, ગુલાબી ઈયળનું નિયંત્રણ, મજૂર અછતમાં મશીનરીનો ઉપયોગ અને સંસાધનોનો કરકસરપૂર્ણ ઉપયોગ જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. કાર્યક્રમમાં ૯૦થી વધુ ખેડૂતોએ ભાગ લીધો હતો. બિયારણ કંપનીઓના પ્રતિનિધિ હિમાંશુ ગજેરા (નિર્જુવિડુ સીડ) પણ હાજર રહ્યા હતા.

# વડિયા-બાટવાદેવળી માર્ગ પર ગાંડા બાવળનું સામ્રાજ્ય: અકસ્માતની દહેશત

વડિયા, તા.૨૧

અમરેલી જિલ્લાના વડિયાથી ગોંડલ-રાજકોટ તરફ જતા મુખ્ય માર્ગ પર સર્જાયેલી નવી સમસ્યાએ લોકોની ચિંતા વધારી છે. અગાઉ બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગના ખાડાઓ પુરાયા બાદ હવે ચોમાસાની સિઝનમાં ગાંડા બાવળનો ઉપદ્રવ વધ્યો છે. મુખ્ય માર્ગ અને વળાંકો પર



ઉગી નીકળેલા ગાંડા બાવળ કોઈ મોટી દુર્ઘટના નોતરે તે પહેલાં તેને દૂર કરવાની માંગ સાથે અમરેલી જિલ્લા યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ જુનેદ ડોડીયાએ જિલ્લા કલેક્ટર, જિલ્લા પંચાયતના નાયબ કાર્યપાલક ઈજનેર, મામલતદાર અને ટીડીઓને પત્ર લખ્યો છે. સતત વરસી રહેલા વરસાદને કારણે ગાંડા બાવળની સમસ્યા વકરી છે, જે વાહનચાલકો માટે જોખમરૂપ બની શકે છે. આ સમસ્યાના નિરાકરણ માટે તાત્કાલિક પગલાં લેવા રજૂઆત કરવામાં આવી છે.

# ખાંભાનો વેપારી દૂધમાં મિશ્રણ કરી લોકોનાં આરોગ્ય સાથે ચેડાં કરતાં ઝડપાયો

**અમરેલી એસઓજીએ બનાવટી દૂધનો પર્દાફાશ કર્યો**

ખાંભા, તા.૨૧

અમરેલી જિલ્લામાં દિવાળીના પર્વ ટાણે દૂધની માંગ વધી છે. જેનો કેટલાક લેભાગુઓ ફાયદો ઉઠાવી રહ્યા છે. ખાંભામાં રહેતા એક વેપારી પાસે દૂધનું ઉત્પાદન કરવા કોઈ લાયસન્સ ન હોવા છતાં મિક્સ કરીને બનાવટી દૂધ વેચતો હતો. જેનો અમરેલી એસઓજી ટીમે પર્દાફાશ કર્યો હતો. ખાંભા મીતીયાળા રોડ પર રહેતા ગુણવંતભાઈ શામજીભાઈ કળસરીયા પોતાના રહેણાંક મકાને પોતાની પાસે દૂધના ઉત્પાદન કરવા તેમજ દૂધના સંગ્રહ અને વેચાણ કરવાનું લાયસન્સ ન હોવા છતા દૂધમાં મિલ્ક પાઉડર અને એસિડ વે પાઉડર ભેળસેળ કરી જે બનાવટી દૂધને ગ્વાલા દૂધ નામ લખેલ પ્લાસ્ટીકની થેલીઓમાં મશીન દ્વારા પેકિંગ કરી વેચતો હતો. જેને લઈ તેની સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

# લાઠીના ઠાંસા ગામે નાની સિંચાઈ યોજના હેઠળ તળાવના રિપેરિંગ માટે રૂ. ૨૬.૩૧ લાખ મંજૂર

લાઠી, તા.૨૧

ગુજરાત સરકારના નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળ નાની સિંચાઈ યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ આવેલા તળાવો અને ચેકડેમોના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. લાઠી તાલુકાના ઠાંસા ગામે આવેલા તળાવના રિસ્ટોરેશન કામ માટે લાઠીના ધારાસભ્ય જનકભાઈ



તળાવીયાની મહેનતના કારણે રૂ. ૨૬.૩૧ લાખની મંજૂરી મળી છે. ગુજરાત સરકારના સંબંધિત વિભાગ દ્વારા ૩૧ ઓગસ્ટ, ૨૦૨૪થી આ કામ માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ તળાવમાં જરૂરિયાત મુજબની તમામ રિપેરિંગની કામગીરી કરવામાં આવશે. રિપેરિંગ પછી, તળાવમાં વરસાદી પાણીનો સંગ્રહ વધુ પ્રમાણમાં થઈ શકશે. જનકભાઈ તળાવીયા, જેઓ લાઠી-બાબરા વિસ્તારના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહે છે, તેમણે આ પ્રોજેક્ટ માટે ગુજરાત સરકારને પત્ર પાઠવીને રજૂઆત કરી હતી. તેમની રજૂઆતના પરિણામે સરકારે આ કામગીરી માટે મંજૂરી આપી છે.

# 'તું તારી દુકાને બીજા માણસોને કેમ બેસાડે છે' કહી ગાળો આપી

**રાજુલામાં યુવકને જાનથી મારવાની ધમકી પણ આપી**

રાજુલા, તા.૨૧

રાજુલા ખડપીઠ પાસે એક યુવકને તું તારી દુકાનમાં બીજા માણસોને કેમ બેસાડે છે કહી ગાળો આપવામાં આવી હતી. ઉપરાંત મુંઢમાર માર્યો હતો અને ફ્રેક્ચર કરી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે રાજુલામાં રહેતા ભાવિનભાઈ ઉર્ફે ભાર્ગવભાઈ સુરેશભાઈ જાદવ (ઉ.વ.૨૩) એ ઘેલાભાઈ કાનાભાઈ ખાંભલા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીએ તેમને રાજુલા ખડપીઠમાં આવેલ નારાયણ કોમ્પ્લેક્ષ પાસે કામ છે તેમ કહી બોલાવીને તું તારી દુકાને બીજા માણસોને કેમ બેસાડે છે, અહીં મારૂ ઘર છે તેમ કહી બિભત્સ શબ્દોમાં ગાળો આપી હતી. તેમજ લાકડી વડે શરીરે આડેધડ મુંઢમાર માર્યો હતો અને ડાબા હાથની કલાઈના ભાગે ફ્રેક્ચર કરી જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ આર.કે. વરૂ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલયે લઘુમતી મોરચાની સમીક્ષા બેઠક યોજાઈ

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે સોમવારે સદસ્યતા અભિયાન ૨૦૨૪ અંતર્ગત અમરેલી જિલ્લા લઘુમતી મોરચાની એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ લઘુમતી મોરચાના મહામંત્રી નાહિનભાઈ કાઝીની વિશેષ ઉપસ્થિતિ નોંધપાત્ર રહી હતી. બેઠકમાં અમરેલી જિલ્લા લઘુમતી મોરચાના પ્રમુખ



રાજાભાઈ કચરા, પ્રદેશ કારોબારી સભ્ય રાજુભાઈ મિલન, પ્રદેશ આમંત્રિત સભ્ય સાજીદખાન પઠાણ અને અમરેલી લઘુમતી મોરચાના મહામંત્રી સમીરભાઈ કનોજીયા સહિત વિવિધ મંડળોના પ્રમુખો અને મહામંત્રીઓ હાજર રહ્યા હતા.

# અમરેલી જિલ્લામાં કમોસમી વરસાદથી ખેડૂતોને થયેલ નુકસાન અંગે વળતરની માંગ

**ભાજપ યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીએ મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર લખી કરી રજૂઆત**

અમરેલી, તા.૨૧

અમરેલી જિલ્લામાં અરબી સમુદ્રમાં સર્જાયેલા હળવા દબાણને કારણે નવરાત્રીથી અત્યાર સુધી થઈ રહેલા કમોસમી વરસાદે ખેડૂતોની ચિંતા વધારી છે. મગફળી અને કપાસ



સહિતના ઊભા પાકને વ્યાપક નુકસાન થયું છે. આ પરિસ્થિતિમાં ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીએ મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર લખી જિલ્લાના અસરગ્રસ્ત ખેડૂતોને વળતર ચૂકવવા માગણી કરી છે. લીલા દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ હોવાથી તાત્કાલિક સર્વે કરાવી ખેડૂતોને સહાય ચૂકવવા તેમણે રજૂઆત કરી છે. તૈયાર થયેલા પાક અને ઊભા પાકને થયેલા નુકસાનનું વળતર ચૂકવવા માટે સરકાર યોગ્ય પગલાં લે તેવી માંગ કરવામાં આવી છે.

# અમરેલી સિટીમાંથી પોલીસે ૯ ખેલીને જાહેરમાં તીનપત્તી રમતાં ઝડપ્યા

અમરેલી, તા.૨૧

અમરેલી શહેરમાંથી પોલીસે ૯ જુગારીને જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતાં ઝડપી લીધા હતા. તેમની પાસેથી કુલ રૂ. ૧૩,૪૮૦ની મત્તા જપ્ત કરવામાં આવી હતી. બહારપરા કોળીવાડ ખોડીયાર માના નાકામાં જાહેરમાં જુગાર રમતાં અજયભાઈ વલ્લભભાઈ ગંગાજળીયા, સંજયભાઈ રમેશભાઈ મકવાણા, લાલજીભાઈ ભીખુભાઈ સોલંકી, હરેશભાઈ પ્રવિણભાઈ સોલંકી, વિપુલભાઈ જીવરાજભાઈ ભીલોટા, કાળુભાઈ બચુભાઈ સોલંકી, પ્રકાશભાઈ વલ્લભભાઈ સોલંકી, ભરતભાઈ રવજીભાઈ સોલંકી તથા ગોરધનભાઈ બચુભાઈ સોલંકી રોકડા રૂ. ૧૩,૪૮૦ સાથે ઝડપાયા હતા. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.બી. ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: છઠ

તા. ૨૨-૧૦-૨૦૨૪, મંગળવાર, સૂર્યોદય-૦૬:૨૬, સૂર્યાસ્ત-૦૫:૪૪, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: આર્દ્રા

## દૈનિક રાશિફળ

**તા. ૨૨-૧૦-૨૦૨૪ — મંગળવાર**

મેષ: આજનો દિવસ તમારી તરફેણમાં છે. લાંબા સમયથી અટકેલા કામ પૂર્ણ થઈ શકે છે. વધુ પડતા કામના કારણે સ્વાસ્થ્ય પર થોડી અસર થઈ શકે છે.

વૃષભ: આજે નોકરી, વ્યવસાય અને રાજકીય ક્ષેત્રે પ્રગતિની સ્થિતિ રહેશે. વડીલો કાર્યક્ષેત્રમાં દરેક રીતે મદદ કરશે. ખર્ચમાં ઘટાડો કરો.

મિથુન: આજે કોઈ કામ માટે વધારે ખર્ચા થશે. વિવાદના કારણે કાર્યસ્થળ પર તણાવ આવી શકે છે. તેથી વાણી પર નિયંત્રણ રાખવું જરૂરી છે.

કર્ક: આજે તમારો મૂડ સવારથી જ સારો રહેશે. જો તમે તમારી બુદ્ધિ અને કુશળતાનો તમામ ક્ષેત્રોમાં ઉપયોગ કરશો તો તમને સફળતા મળશે.

સિંહ: આજનો દિવસ કામ સુધારવામાં વિશેષ યોગદાન આપી રહ્યો છે. નિષ્ણાતની સલાહ પછીથી તમારા માટે ઉપયોગી સાબિત થશે.

કન્યા: મનમાં ભક્તિ ભાવનાનો વિકાસ થશે. તે તમારા હરીફો માટે માથાનો દુ:ખાવો રહેશે. દૂર રહેતા ભાઈ -બહેનો સાથે સંપર્ક થઈ શકે છે.

તુલા: આજે તમારો પ્રભાવ અને મહિમા વધશે. તમને ક્યાંકથી સારા સમાચાર મળશે. કોઈ જૂની સમસ્યા આજે ઉકેલાઈ શકે છે.

વૃશ્ચિક: આત્મવિશ્વાસ અને ક્ષમતા સાથે કોઈ મુશ્કેલ કાર્ય પણ આજે સફળતાથી પૂરું થઈ શકે છે. શિક્ષણની દ્રષ્ટિએ દિવસ શુભ રહેશે.

ધન: આજે રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં તણાવની સ્થિતિ રહેશે. વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મેળવવા માટે સતત મહેનતની જરૂર છે.

મકર: આજે તમને સંતાન તરફથી આનંદના સમાચાર મળશે. નવા ખર્ચાઓ આવશે. તમારી સામે ખોટો આરોપ પણ લગાવી શકાય છે.

કુંભ: આજે શક્તિ અને સંપત્તિમાં વૃદ્ધિનો યોગ છે. આ સિવાય લાંબા સમયથી ચાલતી કાયદાકીય બાબતોમાં જીતવાની સંભાવના છે.

મીન: આજે દિવસના પહેલા ભાગમાં પારિવારિક જીવનમાં થોડી અશાંતિ રહેશે. વેપારમાં ઉતાર -ચઢાવ આવશે. સાંજે દૂર અથવા નજીકના પ્રવાસનો યોગ છે.

# રાજુલાની કાન્હા વિશ્વ વિદ્યાલયના મેનેજિંગ ટ્રસ્ટીને વહીવટ મુદ્દે ગાળો આપી

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૨૧

રાજુલાની કાન્હા વિશ્વ વિદ્યાલયમાં ટ્રસ્ટીઓમાં વહીવટ મુદ્દે માથાકૂટ થતાં મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો હતો. બનાવ અંગે મેનેજિંગ ટ્રસ્ટી પરેશકુમાર ધીરજકુમાર જોષી (ઉ.વ.૪૨)એ ગભરૂભાઈ નાજાભાઈ પીંજર, ઘનશ્યામભાઈ હમીરભાઈ પીંજર, એક અજાણ્યો માણસ તથા નાજાભાઈ ભાયાભાઈ પીંજર સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ કાન્હા વિશ્વ વિદ્યાલયના મેનેજિંગ ટ્રસ્ટી છે અને શાળાના ટ્રસ્ટી હરસુરભાઈ નાજાભાઈ પીંજર હયાત હોય અને તે વખતે તેઓએ ગભરૂભાઈ નાજાભાઈ પીંજરને શાળાનો કોઈ વહીવટ સોંપ્યો નહોતો. હરસુરભાઈ પીંજરનું વર્ષ ૨૦૨૧માં મૃત્યુ થયું હતું અને આ શાળાનું તમામ સંચાલન તેઓ કરતા હતા. જે વાત આરોપીને ગમતી નહોતી અને ત્રણેય આરોપીઓએ તેમની સ્કૂલમાં કહ્યા વગર કાન્હા વિશ્વ વિદ્યાલય શાળાના કબાટમાંથી જરૂરી અસલ દસ્તાવેજો જેવા કે સ્કૂલ ટ્રસ્ટની અસલ એજન્ડા બુક, ટ્રસ્ટની ઓરિજિનલ ઠરાવ બુક, ટ્રસ્ટની જુની ઓરિજિનલ ટ્રસ્ટ ડીડ, ૨૦૧૮ થી ૨૦૨૪ સુધીની તમામ વિદ્યાર્થીની ફી રસીદ તથા પહોંચ બુક તેમજ સ્કૂલ ખર્ચના અસલ વાઉચર વિગેરે દસ્તાવેજોની ચોરી કરી લઈ ગયા હતા.

તેમજ તેમને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. જે બાદ ગભરૂભાઈ નાજાભાઈ પીંજર (ઉ.વ.૪૧) એ પરેશભાઈ ધીરજલાલ જોષી, રૂપલબેન પી. જોષી તથા શ્યામ આર. રાવલ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ આ ટ્રસ્ટમાં તેમને તથા ટ્રસ્ટી સાહેદ નાજાભાઈ પીંજર તથા ટ્રસ્ટી સાહેદ ભાણાભાઈ વાઘને કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર ટ્રસ્ટની એજન્ડા બુકમાં ત્રણેય જણાની ખોટી સહીઓ કરી તેનો ખરા તરીકે ઉપયોગ કર્યો હતો. તેમજ કાન્હા વિશ્વ વિદ્યાલયમાં આરટીઈ રાઈટ ટુ એજ્યુકેશન અંતર્ગત આવતા નાણા આરોપીઓએ તાલુકા શિક્ષણ અધિકારી રાજુલાની કચેરી ખાતે ત્રણેય ટ્રસ્ટીઓની ખોટી સહીવાળુ લેટર પેડ ખરા તરીકે રજૂ કરી આર.ટી.ઈ. ના કુલ રૂ.૯,૫૬,૮૧૦ પોતાના અંગત ખાતામાં જમા કરાવ્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના પીએસઆઆઈ એમ.એફ. ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાંથી એલસીબી ટીમે કાપેલધાર પાસેથી દારૂનો જથ્થો ઝડપ્યો

સાવરકુંડલા, તા.૨૧

સાવરકુંડલામાં કાપેલધાર પાસેથી અમરેલી એલસીબી ટીમે શીલ્પેશભાઈ બાલુભાઈ વાળા (ઉ.વ.૪૩)ના રહેણાંક મકાનેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૮૧ બોટલ, રેકઝીનની પાંચ બેગ, એક મોબાઈલ મળી કુલ ૩૮,૫૧૯ રૂપિયાનો પ્રોહીબીશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો.







**તંત્રી લેખ**

# ગ્રીન એનર્જી ઈકો સિસ્ટમ

ગુજરાત રાજ્ય અને યુપી સહિતના રાજ્યોમાં મોટા પ્રમાણમાં સોલાર એનર્જીના પ્રોજેક્ટ તો સ્થપાઈ રહ્યા છે ત્યારે પ્રશ્ન જાગે છે કે આ તમામ સોલાર પ્રોજેક્ટરમાં જે વિદ્યુત ઉત્પન્ન થશે તેને પ્રોસેસ કરવાની તથા મેન લાઈનમાં લઈ જવાની સિસ્ટમ વિશે ચોખવટ કરવામાં આવતી નથી. દાખલા તરીકે  વિશાળ પાયા પર સોલાર પેનલો ફીટ તો કરી દીધી પરંતુ અહીં જે ડાયરેક્ટ કરંટ ઉત્પન્ન થશે તેને ઈન્વર્ટર કરવા માટેની જે સિસ્ટમ છે તે સિસ્ટમ માટે તથા વીજ પરિવહન માટે ટ્રાન્સમિશન લાઈન અંગેના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કેવી રીતે આયોજન કરવામાં આવશે તેની કોઈ ચોખવટ રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતી નથી. દાખલા તરીકે અગાસીમાં રૂફટોપ સોલાર પેનલ ફીટ કરી તો તેને માટેની આખી સિસ્ટમમાં બીજો મુખ્ય પાર્ટ્સ ઈન્વર્ટર આવે છે આ ઈન્વર્ટર સોલાર પેનલની વીજળીને એસીમાં ફેરવે છે મતલબ કે તે પાવર ઈન્વર્ટ થાય છે. સોલાર પેનલ દ્વારા ઉત્પન્ન કરેલો પાવર ડીસીમાં હોય છે. મતલબ કે આ ડાયરેક્ટ કરન્ટ છે એટલે ડીસી કહેવામાં આવે. તેનો ઉપયોગ ઘરમાં કે ઉદ્યોગોમાં થઈ નથી શકતો આ માટે તેને એસી એટલે કે અલ્ટરનેટિવ કરંટમાં ફેરવવો પડે છે. આ માટે જે સાધન આવે છે તેને ઈન્વર્ટર કહેવામાં આવે છે. આ પાવર ઈન્વર્ટર એક જટિલ ઉપકરણ છે .૨૫ કે ૩૦ મેગાવટના સોલાર પાવરનું ઈન્વર્ટર ખૂબ મોટું હોય છે તે માટેનું વાયરીંગ તથા તેને માટેના મીટર સહિતના ઉપકરણો અને તેના એસેસરીઝ પણ ખર્ચાળ હોય છે. તો જ્યારે વિશાળ પાયા પર ગીગાવોટના સોલર પ્રોજેક્ટ માટેની સિસ્ટમ અને આ એનર્જીને નેશનલ ગ્રીડ સુધી પહોંચાડવાના ટ્રાન્સમિશનનું આયોજન કરવામાં આવ્યું છે ખરું ? આ પ્રશ્નો આ વિષયના જાણકારોમાં થઈ રહ્યા છે. ગુજરાતમાં જે ૨૩ ગીગાવોટથી વધારે ક્ષમતાના જે મેગા પ્રોજેક્ટ્સ આવી રહ્યા છે તેને નેશનલ ગ્રિડ સાથે કનેક્ટ કરવા માટે રાજ્ય સરકાર એક ગ્રીન એનર્જી ટ્રાન્સમિશન કોરિડોરનું નિર્માણ કરવાનું આયોજન સરકાર વિચારે છે. સરકાર ખાવડા સ્થિત ૩૦ ગીગાવોટના વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કની સ્થાપના કરવાની છે. આ ઉપરાંત દક્ષિણમાં ૧૫ ગીગાવોટની રિન્યુએબલ એનર્જીની ક્ષમતા અને ઉત્તર ગુજરાતમાં રાજસ્થાન બોર્ડર નજીક ૭ ગીગાવોટની ક્ષમતાના સૂચિત પ્રોજેક્ટર ઉભા કરવાની આ નેશનલ ગ્રિડ માટે પસંદ કરી છે. આ બન્ને જગ્યાએ ઉત્પાદિત વીજળી સુચિત કોરિડોરના માધ્યમથી નેશનલ ગ્રિડમાં સપ્લાય કરવામાં આવશે. હાલમાં આ કોરિડોર બનાવવાની યોજના આયોજનના તબક્કા હેઠળ છે અને તે માટે સેન્ટ્રલ ઈલેક્ટ્રિસીટી ઓથોરિટી ઓફ ઈન્ડિયા (સીઈએ) સાથે ચર્ચા વિચારણા કરવામાં આવી રહી છે. સીઈએ વીજળીના ઉત્પાદન, વહન અને વિતરણ અંગે રાજ્ય સરકારને સલાહ આપતી સંસ્થા છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં રિન્યુએબલ એનર્જીની ઉત્પાદન ક્ષમતા નોંધપાત્ર પ્રમાણમાં વધી રહી છે પરંતુ વહનની ક્ષમતા ઉત્પાદન ક્ષમતામાં થતાં વધારા અનુસાર વધતી નથી જેના પરિણામે એવું બને છે કે ઉત્પાદિત વીજળીને જરૂરિયાતવાળી જગ્યાએ પહોંચાડવી એ શક્ય બનતું નથી. ઊંચી માંગને કારણે ટ્રાન્સફોર્મર્સ માટે લાંબા સમય માટે રાહ જોવી, જમીન સંપાદનના સંદર્ભમાં ઊભા થતાં વિવાદ અને સામાન્ય રીતે વિવિધ પ્રોજેક્ટ્સના અમલીકરણમાં જે વિલંબ થાય છે એ બાબત જેવા પરિબળોના કારણે ટ્રાન્સમિશન પ્રોજેક્ટના નિર્માણમાં ઘણો વિલંબ થાય છે.

# પ્રદૂષણ ઉત્પન્ન કરતી ફ્લાય એશનો ઉપયોગ કરીને ઈંટો બનાવી માટી બચાવો

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

ગુજરાતમાં આવેલા થર્મલ પાવર પ્રોજેક્ટમાં પાવર પ્રોજેક્ટની ઉડતી રાખ એક સમસ્યા બની છે. આનાથી મોટા પ્રમાણમાં પ્રદૂષણ ફેલાય છે આ સમસ્યાનું નિવારણ થઈ શકે તેમ છે. ધી ભાવનગર ઈલેક્ટ્રિસિટી કંપની લિમિટેડ લિગ્નાઈટ આધારિત પાવર પ્રોજેક્ટ છે. અહીં જ્યારે પ્લાન્ટ ચાલુ હોય ત્યારે મોટા પ્રમાણમાં ઉડતી રાખ મોટી સમસ્યા સર્જે છે. આવી જ રીતે ગાંધીનગર સહિતના શહેરોમાં જ્યાં થર્મલ પાવર પ્રોજેક્ટ છે ત્યાં આ સમસ્યા વધતી જાય છે. ફલાય એશનો અર્થ 'ઊડતી રાખ' એવો થઈ શકે. વાસ્તવમાં તો એને રાખ એટલે કે એક પ્રકારનો કચરો કે પ્રદૂષણ ગણી શકાય. કોલસો બાળીને વીજળી ઉત્પન્ન કરતાં થર્મલ પાવર પ્લાન્ટ અથવા બીજા કોઈ પણ ઉત્પાદન એકમમાં કે જ્યાં કોલસાનું પુષ્કળ પ્રમાણમાં દહન થાય છે ત્યાં મોટી માત્રામાં રાખ નીકળે છે. આ રાખનો અત્યાર સુધી સીધો કોઈ ઉપયોગ ન જણાતા કચરા તરીકે એનો નિકાલ કરાતો હતો. હવે આ જ રાખને કોઈ કૃત્રિમ પદાર્થ સાથે ભેળવી દઈ એમાંથી ઈંટ અને બીજી ચીજ બનાવી શકાય છે. રેતી, ચૂનો અને સિમેન્ટના મિશ્રણમાં ભેળવેલ ફ્લાય એશની કોંક્રિટ જેવી મજબૂત ઈંટો બને છે, જે મોટી ઈમારતોનાં બાંધકામમાં વાપરી શકાય. ઈંટ બનાવવા માટે કાચા કોલસાનો મોટા પ્રમાણમાં ઉપયોગ થાય છે જે બળે છે ત્યારે મોટા પ્રમાણમાં પ્રદૂષણ ઉત્પન્ન થાય છે. જે જે શહેરોમાં ઈંટોના ભઠ્ઠા મોટા પ્રમાણમાં છે ત્યાં સંધ્યા સમયે તથા વહેલી સવારે આ પ્રદૂષણ મોટા પ્રમાણમાં જોવા મળે છે આ નિવારવા માટે રાખમાંથી જો ઈંટો બનાવવામાં આવે તો આ પ્રશ્નો ઉકલી જાય. કારણકે રાખમાંથી જે ઈંટો બનાવવામાં આવે છે તેમાં કાચા કોલસાનો ઉપયોગ કરવાનો નથી. જે રીતે સિમેન્ટના પેવર બ્લોક બને છે એવી રીતે આ ઈંટો બનાવી શકાય છે એ અંદાજ મુજબ એમ કહેવામાં આવે છે કે રાખમાંથી બનાવેલી ઈંટો થોડી મોંઘી પડે છે કારણ કે તેમાં ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પણ થાય છે આમ છતાં પ્રદૂષણ નિવારવા માટે રાખની ઈંટોનો ઉપયોગ કરવો હવે જરૂરી છે. ઉદ્યોગોમાં માત્ર રાખ નહિ પરંતુ બીજા એવા અવશેષો નીકળતા હોય છે જેને નકામા ગણવામાં આવે છે. આ પદાર્થોનો નિકાલ કેમ કરવો તે એક મોટી સમસ્યા હોય છે. આ સમસ્યાના નિવારણ તરીકે તેનો સદઉપયોગ થઈ શકે છે. મોલ્ડિંગની ફાઉન્ડ્રીમાં પણ આવી નકામી મોલ્ડિંગ



સેન્ડનો ઉપયોગ કરી શકાય. જર્જરીત મકાનો તોડતી વખતે જે બિલ્ડીંગ મટીરિયલ નકામું ગણવામાં આવે છે તેને ફરી વખત ક્રશ કરીને તેનો સદુપયોગ શા માટે ન થઈ શકે એવો પ્રશ્ન પણ જાગે છે. આવી નકામી વસ્તુનો ઉપયોગ કરીને પ્રદૂષણ નિવારી શકાય છે. આના કારણે ઈંટો બનાવવા માટે જે લાખો ટન કિંમતી માટી વપરાય છે તે બચી જશે. વિશ્વભરમાં અત્યારે "સેવ અર્થ"એટલે કે માટી બચાવો ધરતી બચાવો અભિયાન ચાલે છે તેમાં સહયોગ આપી શકાય. કચરો ગણીને કાઢી નાખવામાં આવતી ફ્લાય એશનો બાંધકામ માટે ઉપયોગ થઈ શકે એવી ટેકનિક સૌ પ્રથમ રૂરકી ખાતેની સેન્ટ્રલ બિલ્ડિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે શોધી કાઢી. ત્યાર બાદ તો સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડે દરેક રાજ્ય સરકારને એવી તાકીદ કરી છે કે એમના રાજયના ઉદ્યોગો જેટલી ફ્લાય એશ ઉત્પન્ન કરે છે એનો કમ સે કમ ૫૦ ટકા હિસ્સો ફરી ઉપયોગમાં લેવાવો જોઈએ. ફ્લાય એશનો ધંધાદારી ઉપયોગ વધારવા પાછળનું એક કારણ એ છે કે, કચરા તરીકે એનો બારોબાર ત્યાગ કરવામાં આવે તો પર્યાવરણનો કચ્ચરઘાણ નીકળી જાય. હજારો એકર ખેતીલાયક જમીન પર રાખમિશ્રિત પાણી ફરી વળતા આ ખેતરો ઉજજડ બની ગયાં છે. રાખવાળું પાણી જમીનમાં ઊતર્યા પછી માટીની ફળદ્રુપતા ઘટતી જાય છે. કચરારૂપે ફ્લાય એશનો ઉપયોગ ઈંટ બનાવવા માટે થાય તો આ બધી સમસ્યાઓ હલ થઈ શકે. રૂરકી ખાતેની સેન્ટ્રલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના નિષ્ણાતો એવું માને છે કે,  જો ફ્લાય એશની ઈંટોનો વપરાશ વધારી શકાય તો હાલ ઈંટ બનાવવામાં વપરાતી વાર્ષિક ૪૫ કરોડ ટન માટી બચાવી શકાય. આ કિંમતી માટી ખેતી માટે વધારે ઉપયોગી છે.  બીજો ફાયદો એ છે કે આ પ્રકારની ઈંટોને કલરફુલ બનાવી શકાય છે. દિલ્હીની સેન્ડ પ્લાસ્ટ ઈન્ડિયા લિમિટેડ રેતી, ચૂનો અને ફ્લાય એશ-મિશ્રિત ઈંટો બનાવે છે તે લાલ માટીની બનેલી પરંપરાગત ઈંટ કરતા ત્રણ ગણી વધુ ટકાઉ બને ઉપરાંત તેને વિવિધ પ્રકારના છ રંગમાં બનાવી શકાય છે.

અંદાજ અનુસાર આગામી ત્રણ દાયકામાં થનારા બાંધકામ માટે આશરે ૭૫ અબજ ટન ઈંટોની જરૂર પડવાની છે. એની સામે ઉત્પાદન માત્ર ૫૦% જ ઈંટોનું જ થશે. બાકીની ઈંટોની ખેંચ તો વર્તાવાની જ. માંગ અને પુરવઠા વચ્ચેના આ તફાવતને ઘટાડવા માટે ફ્લાય એશમાંથી ઈંટ બનાવવાનો વિકલ્પ શ્રેષ્ઠ છે. એમાંય સેન્ટ્રલ બિલ્ડિંગ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ફ્લાય એશમાંથી ઈંટ બનાવવાનું એકમ નાખવામાં તમામ પ્રકારની સહાય કરે છે. ફ્લાય એશ મિશ્રિત ઈંટો મજબૂત તો હોય જ છે પણ સાથે વજનમાં હળવી હોવાથી લાવવા લઈ જવામાં સરળ પડે છે. મકાન બાંધકામમાં આ ઈંટો વાપરવાથી બહુ પ્લાસ્ટર મારવાની જરૂર પણ રહેતી નથી. વળી આ ઈંટો બનાવવામાં કોલસો ઓછો વપરાતો હોવાથી ઉત્પાદન ખર્ચ ઓછો આવે છે. કેન્દ્ર સરકારે વપરાશ વધારવાના હેતુથી આ ઈંટોને સંભવતઃ આબકારી જકાતમાંથી મુક્તિ આપી છે. ફ્લાય એશ ટેકનોલૉજીના નિષ્ણાતોની ભલામણ પરથી સરકારે પર્યાવરણ સુરક્ષા ધારા હેઠળ નવો આદેશ બહાર પાડયો છે કે કોઈપણ થર્મલ પાવર યુનિટની આસપાસના ૫૦ કિલોમીટરના ક્ષેત્રમાં માટીની ઈંટો બનાવતા એકમને બદલે ફ્લાય એશમાંથી ઈંટ બનાવવાના એકમને પ્રોત્સાહન આપવું જરૂરી છે. ફલાય એશનું ઉત્પાદન તો જ નફાકારક બની શકે જો એ પ્લાન્ટ નજીકના ૧૦૦ કિલોમીટરના પરિસરમાં વેચવાની હોય, નહીંતર ટ્રાન્સપોર્ટ પાછળનો ખર્ચો વધી જતા સામાન્ય ઈંટ કરતા મોંઘી પડે. આધુનિક પાવર પ્લાન્ટમાં ઉડતી રાખ કંટ્રોલ કરવા માટેની સિસ્ટમ હોય છે. આ સિસ્ટમનો ઉપયોગ કરવો જરૂરી છે. આ માટે એક અલગ ફ્લાઈ એશ મેનેજમેન્ટ સિસ્ટમની સરકાર રચના કરે અને પ્રદૂષણને નિવારવા પ્રયત્નશીલ બને.

**નાના મોટા શહેરોમાં બાંધકામમાં સૌથી વધુ ઉપયોગ ઈંટોનો થાય છે. તેને બનાવવા જમીનની કિંમતી માટી મોટાભાગે વપરાતી હોય છે. કિંમતી માટીને બદલે પાવર પ્લાન્ટ તથા અન્ય ઉદ્યોગોમાંથી જે રાખ નીકળે છે તેનો ઉપયોગ કરીને પ્રદૂષણ નિવારી શકાય છે.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૨૦ | ૧૬૮૦ |
| ઘઉં લોકવન | ૫૭૦ | ૬૦૫ |
| ઘઉં ટુકડા | ૫૮૩ | ૬૨૨ |
| જુવાર સફેદ | ૬૨૪ | ૭૪૪ |
| જુવાર લાલ | ૬૬૮ | ૮૯૧ |
| જુવાર પીળી | ૪૩૦ | ૫૩૪ |
| બાજરી | ૩૮૦ | ૪૯૩ |
| તુવેર | ૧૬૪૦ | ૧૮૦૦ |
| ચણા પીળા | ૧૨૦૦ | ૧૩૮૦ |
| ચણા સફેદ | ૨૧૦૦ | ૨૮૫૦ |
| અડદ | ૧૦૭૫ | ૧૭૧૮ |
| મગ | ૧૦૫૦ | ૧૫૬૦ |
| વાલ દેશી | ૧૪૨૧ | ૧૭૭૦ |
| વાલ પાપડી | ૧૪૦૦ | ૧૭૭૦ |
| ચોળી | ૨૨૧૫ | ૨૯૨૦ |
| વટાણા | ૨૦૦૦ | ૩૩૭૦ |
| સીંગદાણા | ૧૪૨૦ | ૧૫૨૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મગફળી જીણી | ૧૦૪૦ | ૧૩૨૦ |
| તલી | ૧૯૫૦ | ૨૫૧૦ |
| એરંડા | ૧૨૧૮ | ૧૨૫૭ |
| અજમો | ૨૨૫૨ | ૨૨૫૨ |
| સોયાબીન | ૭૨૫ | ૮૭૫ |
| સીંગફાડા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| કાળા તલ | ૨૮૦૦ | ૩૭૬૫ |
| લસણ | ૩૯૫૦ | ૫૦૦૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૪૫૦ |
| ધાણી | ૧૩૨૫ | ૧૫૨૫ |
| વરીયાળી | ૧૦૬૧ | ૧૪૦૦ |
| જીરૂ | ૪૩૮૦ | ૪૮૩૫ |
| રાય | ૧૧૦૦ | ૧૨૮૭ |
| મેથી | ૧૦૬૦ | ૧૩૬૦ |
| કલોંજી | ૩૨૦૦ | ૩૭૯૯ |
| રાયડો | ૧૦૩૦ | ૧૧૨૪ |
| રજકાનું બી | ૪૫૮૦ | ૫૨૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૧૦૦ | ૨૩૦૦ |
| બટેટા | ૪૦૦ | ૬૭૦ |
| ડુંગળી સુકી | ૨૬૦ | ૯૪૦ |
| ટમેટા | ૮૦૦ | ૧૦૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૧૦૦ |
| કોથમરી | ૧૧૦૦ | ૧૭૦૦ |
| મુળા | ૨૯૦ | ૪૦૦ |
| રીંગણા | ૨૮૦ | ૪૯૦ |

| | | |
|---|---|---|
| કોબીજ | ૩૩૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૯૦૦ | ૧૨૫૦ |
| ભીંડો | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૧૦૧૦ | ૧૪૫૦ |
| વાલોળ | ૮૫૦ | ૧૧૫૦ |
| ટીંડોરા | ૫૯૦ | ૧૧૧૦ |
| દુધી | ૩૧૦ | ૫૭૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૮૫૦ | ૧૫૦૦ |
| તુરીયા | ૭૯૦ | ૧૨૦૦ |
| પરવળ | ૧૧૧૦ | ૧૨૯૦ |
| કાકડી | ૩૬૦ | ૫૭૦ |
| ગાજર | ૫૯૦ | ૭૧૦ |
| ગલકા | ૩૪૦ | ૫૪૦ |
| બીટ | ૨૯૦ | ૪૮૦ |
| મેથી | ૪૦૦ | ૯૦૦ |
| વાલ | ૬૫૦ | ૮૫૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૮૦ |
| આદુ | ૯૦૦ | ૧૪૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૮૫૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૪૫૦ | ૭૫૦ |
| મકાઇ લીલી | ૨૦૦ | ૪૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૦૦ |
| શિંગ મોટી | ૮૨૫ | ૧૨૨૩ |
| શિંગદાણા ફાડા | ૯૨૦ | ૧૨૯૦ |
| તલ સફેદ | ૧૭૮૫ | ૨૬૧૦ |
| તલ કાળા | ૨૬૭૦ | ૩૮૧૨ |
| બાજરો | ૩૩૩ | ૪૪૯ |
| ઘઉં ટુકડા | ૪૩૧ | ૬૭૦ |
| ઘઉં લોકવન | ૪૧૦ | ૬૩૫ |
| મગ | ૭૦૦ | ૨૧૩૫ |
| ચણા | ૯૯૫ | ૧૫૧૫ |
| કપાસ | ૮૫૦ | ૧૬૪૮ |
| જીરું | ૪૦૦૦ | ૪૪૯૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૩૦ |
| રજકાનું બી | ૩૦૦૦ | ૫૧૦૦ |
| તુવેર | ૧૪૧૫ | ૧૬૬૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૧૦ | ૫૩૦ |
| રીંગણાં | ૨૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૬૦૦ | ૧૦૦૦ |
| કોબીજ | ૩૦૦ | ૫૦૦ |


| | | |
|---|---|---|
| ટામેટા | ૯૦૦ | ૧૨૫૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દૂધી | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૫૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાલીલાં | ૭૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૧૦૦ |
| કોથમીર | ૧૨૦૦ | ૨૦૦૦ |
| મેથીભાજી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ફુદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૯૦૦ | ૧૦૦૦ |
| બીટ | ૫૦૦ | ૮૦૦ |
| લીમડો મીઠો | ૯૦ | ૧૧૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૫૦૦ | ૮૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૧૧૫૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| વાલ | ૭૦૦ | ૭૦૦ |
| શીંગઓળા | ૬૫૦ | ૭૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૫૧ | ૧૬૧૧ |
| ઘઉં લોકવન | ૫૫૦ | ૬૧૬ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૬૮ |
| સિંગદાણા જાડા | ૧૦૦૦ | ૧૩૨૧ |
| સિંગ ફાડીયા | ૭૨૧ | ૧૧૩૧ |
| એરંડા / એરંડી | ૧૧૭૧ | ૧૨૫૬ |
| જીરૂ | ૩૩૫૧ | ૪૯૨૧ |
| વરીયાળી | ૧૧૦૧ | ૧૨૦૦ |
| ધાણા | ૯૦૧ | ૧૬૨૧ |
| લસણ સુકું | ૧૫૮૧ | ૫૨૮૧ |
| ડુંગળી લાલ | ૨૭૧ | ૮૮૬ |
| અડદ | ૧૧૬૧ | ૧૬૦૧ |
| તુવેર | ૧૩૦૧ | ૧૭૧૧ |
| રાય | ૮૫૧ | ૮૫૧ |
| મેથી | ૯૭૬ | ૧૧૭૧ |
| કાંગ | ૪૫૧ | ૪૫૧ |
| સફેદ ચણા | ૧૩૦૧ | ૨૬૭૬ |
| તલ-તલી | ૧૮૦૦ | ૨૪૫૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૭૮૧ |

| | | |
|---|---|---|
| બાજરો | ૩૬૧ | ૫૧૧ |
| જુવાર | ૫૦૧ | ૭૮૧ |
| મકાઈ | ૫૫૧ | ૫૬૧ |
| મગ | ૮૬૧ | ૧૬૨૧ |
| ચણા | ૧૨૦૧ | ૧૩૮૬ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૭૦૦ | ૮૨૫ |
| શીંગ મોટી | ૮૦૦ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૫૦૦ |
| જીરૂ | ૩૮૫૦ | ૪૬૭૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૨૫ |
| ઘઉં લોકવન | ૪૯૮ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૦ |
| જુવાર | --- | --- |
| ચણા | ૧૨૦૦ | ૧૮૦૦ |
| મગ | ૧૧૩૧ | --- |
| સોયાબીન | ૭૦૩ | ૮૩૦ |
| તુવેર | ૧૭૪૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૭૦૩ | ૮૩૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૧ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૫૬ |
| ઘઉં | ૪૫૦ | ૬૪૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૩૦ |
| મગફળી | ૬૦૦ | ૧૦૮૫ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૬૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૦૨ |
| શીંગફાડા | ૯૦૦ | ૧૦૪૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૩૯૦ | ૧૫૦૦ |
| કપાસ કોડી | ૧૦૦૦ | ૧૨૪૦ |
| મગફળી નવી | ૯૨૬ | ૧૧૬૪ |
| જીરૂ | ૩૯૭૦ | ૪૫૩૦ |
| અડદ | ૧૩૩૦ | ૧૫૦૦ |
| ઘઉં | ૪૮૯ | ૬૫૧ |
| તલ સફેદ | ૨૦૯૦ | ૨૪૫૦ |
| સોયાબીન | ૭૬૫ | ૭૯૫ |
| મગ | ૧૩૩૦ | ૧૫૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૧૫ | ૧૫૦૨ |
| મગફળી | ૭૭૫ | ૯૭૧ |
| ઘઉં | ૫૨૫ | ૫૨૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| અડદ | ૯૧૦ | ૧૩૦૦ |

| | | |
|---|---|---|
| તલ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| મગ | ૮૦૦ | ૧૦૧૦ |
| સોયાબીન | ૬૧૧ | ૮૦૩ |
| એરંડા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| મકાઈ | ૪૬૦ | ૫૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૬૦૧ | ૮૯૧ |
| તલ સફેદ | ૧૮૫૧ | ૧૯૦૧ |
| કપાસ | ૧૦૫૦ | ૧૫૫૦ |
| બાજરો | ૪૩૫ | ૫૧૨ |
| ઘઉ ટુકડા | ૪૭૧ | ૬૩૬ |
| જુવાર | ૪૬૫ | ૭૯૦ |
| મગ | ૧૧૯૬ | ૧૧૯૬ |
| અડદ | ૭૦૧ | ૧૬૫૦ |
| સોયાબીન | ૬૦૮ | ૭૫૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૫૦૧ | ૫૯૪ |
| ઘઉં ટુક્ડા | ૫૫૧ | ૬૦૦ |
| અજમા | ૧૫૫૫ | ૧૫૫૫ |
| ચણા | ૧૧૧૫ | ૧૩૦૨ |
| મેથી | ૯૨૦ | ૯૨૦ |
| અડદ | ૧૦૦૧ | ૧૩૫૫ |
| ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૬૨૫ | ૭૭૮ |
| બાજરો | ૪૨૩ | ૪૨૩ |
| મગફળી | ૫૦૦ | ૮૫૦ |
| શીંગદાણા | ૧૧૩૫ | ૧૨૦૦ |
| તલસફેદ | ૧૪૨૫ | ૧૫૦૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૫૦૦ |
| જુવાર | ૭૨૬ | ૭૨૬ |
| રાય | ૮૮૦ | ૮૮૦ |
| **મહુવા** | | |
| શીંગ ૬૬ | ૧૧૫૧ | ૧૬૯૮ |
| શીંગ ૩૯ | ૮૦૨ | ૧૧૩૫ |
| શીંગટી.જે. | ૭૭૦ | ૧૦૬૫ |
| એરંડા | ૧૨૧૦ | ૧૨૧૦ |
| જુવાર | ૩૦૦ | ૪૫૨ |
| બાજરી | ૪૪૧ | ૫૫૪ |
| ઘંઉ ટુકડા | ૫૨૧ | ૬૬૭ |
| મકાઈ | ૪૫૩ | ૪૯૧ |
| મગ | ૫૦૦ | ૬૧૦ |
| રાય | ૭૫૦ | ૭૫૦ |
| સોયાબીન | ૬૮૦ | ૭૫૦ |
| ચણા | ૧૨૧૫ | ૧૨૧૫ |

| | | |
|---|---|---|
| તલ સફેદ | ૮૦૦ | ૨૩૫૨ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૩૫૧ |
| તુવેર | ૮૧૫ | ૧૨૯૫ |
| ડુંગળી લાલ | ૧૨૫ | ૯૧૧ |
| ડુંગળી લાલ | ૧૧૪ | ૬૯૧ |
| ડુંગળી સફેદ | ૧૩૫ | ૭૩૪ |
| કપાસ શંકર | ૫૦૦ | ૧૪૧૫ |
| નાળીયેર | ૬૦૦ | ૨૪૭૬ |
| **કોડીનાર** | | |
| મગફળીજી-૨૦ | ૮૦૦ | ૧૧૩૮ |
| મગફળી૩૨નં. | ૭૨૧ | ૯૬૦ |
| બાજરી | ૪૮૦ | ૫૬૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૨૫ |
| સફેદ તલ | ૧૮૫૦ | ૨૨૫૦ |
| સોયાબીન | ૫૮૦ | ૮૪૭ |
| જુવાર | ૫૪૦ | ૭૩૬ |
| અડદ | ૮૭૦ | ૧૫૪૦ |
| રજકો | ૩૨૦૦ | ૪૯૫૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૪૩ |
| **જામનગર** | | |
| કપાસ | ૮૦૦ | ૧૬૪૦ |
| જુવાર | ૩૦૦ | ૪૫૦ |
| બાજરો | ૧૭૦ | ૫૩૫ |
| ઘઉં | ૫૬૧ | ૬૧૫ |
| અડદ | ૧૭૦૦ | ૧૬૯૦ |
| ચણા | ૭૦૦ | ૧૩૯૧ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૮૮૫ |
| મગફળી જાડી | ૯૦૦ | ૧૮૮૫ |
| એરંડા | ૧૧૬૫ | ૧૨૬૩ |
| તલ | ૧૭૦૦ | ૨૩૦૫ |
| રાયડો | ૭૮૦ | ૧૦૮૧ |
| રાઈ | ૧૦૫૦ | ૧૧૭૦ |
| લસણ | ૨૭૦૦ | ૫૦૦૦ |
| જીરૂ | ૨૯૦૦ | ૫૦૦૦ |
| અજમો | ૨૦૦૦ | ૩૩૭૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૫૫ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૧૦૧૦ |
| સોયાબીન | ૭૪૫ | ૮૪૫ |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૧૯૮ | ૧૫૭૫ |
| કપાસ સી ગ્રેડ | ૪૬૦ | ૫૭૦ |

## શબ્દ સંજોગ-૧૮૮૯



**આડી ચાવી :**
(૧) રાક્ષસ (૪)
(૪) વાનર, વાંદરો (૩)
(૬) રસ્તો, પ્રતીક્ષા (૨)
(૭)કાશી નગરી (૪)
(૯) મારી....ઉતારો રાજ (૨)
(૧૦) જાહેર, જાણીતું (૩)
(૧૩) કંજુસ (૪)
(૧૬) તૌબા યે..... ચાલ........(૪)
(૧૮) દેવપૂજાનું પાણી (૩)
(૨૦) કડક, જરા કાચું (૩)
(૨૨) ખામી, કસૂર (૩)
(૨૪) ગર્વ, તોર (૨)
(૨૫) મમ્મીના બનેવીનો સાળો (૨)
(૨૬) પાસા ફેંકી ભવિષ્ય જોવાની વિદ્યા (૩)
(૨૭) અમિતાભની એક ફિલ્મ (૧)
(૨૮) સૂબો (૩)

**ઉભી ચાવી :**
(૨) સરખામણી (૩)
(૩) વ્યગ્ર, વ્યાકુળ (અં) (૩)
(૪) ચારાને માટે ઘાસપાણીવાળી જગા (૨)
(૫) ઘોડાની એકધારી વેગવાળી ચાલ (૩)
(૭) એક પક્ષી (૩)
(૮) લખેલું ભૂંસવા માટે વપરાય (૩)
(૯) નવાઈ, આશ્ચર્ય (૩)
(૧૧) એક કેન્દ્રશાસિત પ્રદેશ (૩)
(૧૨)....ચણો વાગે ઘણો (૨)
(૧૪) જમણું (૩)
(૧૫) માણસ (૨)
(૧૭) મરનારની મિલ્કતનો હકદાર (૩)
(૧૯) માછલું (૨)
(૨૦) તણખલુ, રજ (૩)
(૨૧) એક ફૂલ (૩)
(૨૨) કામઠું, ધનુષ (૩)
(૨૩) હિજરી સનનો સાતમો મહિનો (૩)

## શબ્દ સંજોગ-૧૮૮૮ જવાબ

**આડી ચાવીઃ** (૧) સંદેશ (૩) ટ્રાન્સલેશન (૬) રસમ (૮) રજ (૧૦) તલવાર (૧૨) તેતર (૧૩) મતા (૧૪) હુબડકી (૧૯) શરાપ (૨૧) વાહવાહ (૨૨) ઘા (૨૪) અકીક (૨૬) શાંત (૨૭) પરાસ્ત.
**ઉભી ચાવીઃ** (૧) સંસ્કાર (૨) શર (૩) ટ્રામ (૪) લેબલ (૫) નગર (૭) સદરહું (૯) જનેતા (૧૦) તરડ (૧૧) વાસુ (૧૩) મનવાર (૧૫) બલ (૧૬) કીશ (૧૭) તૂપ (૧૮) કવાયત (૨૦) રાણકી (૨૩) રૂપ (૨૪) અસ્ત (૨૫) કણ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ગુજરાતના રાજ્યપાલે ઉનામાં સ્વામિનારાયણ ગુરુકુળની નવી શાખાનું ભૂમિપૂજન કર્યું

ગીર સોમનાથ, તા.૨૧



ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ આજે ગીર-સોમનાથ જિલ્લાના ઉના ખાતે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ રાજકોટ સંસ્થાનની નવી શાખાનું ભૂમિપૂજન અને શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ ઉના અને શ્રી સહજાનંદ ધામનો શિલાન્યાસ સમારોહ પણ યોજાયો હતો. આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં અનેક ગણમાન્ય વ્યક્તિઓ અને સંતોની ઉપસ્થિતિ નોંધપાત્ર રહી હતી. જેમાં મુખ્યત્વે ધર્મવલ્લભદાસજી સ્વામી (સુરત ગુરુકુળ), મહંત શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી (રાજકોટ ગુરુકુળ), દેવકૃષ્ણદાસજી સ્વામી (રાજકોટ ગુરુકુળ) હાજર રહ્યા હતા. રાજકીય ક્ષેત્રેથી રાજ્યકક્ષાના મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયા અને કૌશિકભાઈ વેકરીયા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ શિલાન્યાસ સમારોહમાં મોટી સંખ્યામાં સ્થાનિક લોકો પણ જોડાયા હતા.

**શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ અને શ્રી સહજાનંદ ધામના શિલાન્યાસ સમારોહમાં સંતો અને મંત્રીઓની ઉપસ્થિતિ**

# અમરેલી જિલ્લા કલેક્ટર : તા.૨૮ ઓકટો. અમરેલીથી લાઠી-ચાવંડ અવરજવર માટે વૈકલ્પિક રુટ પરથી પસાર થવું

અમરેલી,તા.૨૧



અમરેલી જિલ્લાનાં કલેકટર દ્વારા આગામી તા. ૨૮ ઓકટોબર, ૨૦૨૪ને સોમવારના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી લાઠી તાલુકાના દુધાળા અને લાઠી ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત થવા આવવાના હોવાને લીધે ટ્રાફિક સમસ્યાને કારણે વાહન ચાલકોને વૈકલ્પિક રુટ પરથી પસાર થવા અંગે જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ છે. જેથી વાહન ચાલકોને પસાર થવા માટે વૈકલ્પિક રુટ પરથી પસાર થવા, અમરેલીથી વાયા લાઠી થઈ ચાવંડ જતા તમામ વાહનો વાયા લાઠી ભીડભંજન મહાદેવ થઈ ગાગડીયા સર્કલ લાઠી-લાઠી ચાવંડ દરવાજા થઈ રામપર-નાના રાજકોટ થઈ કરકોલીયા થઈ ચાવંડ થઈ જવા તેમજ ચાવંડથી લાઠી થઈ અમરેલી તરફ આવતા વાહનચાલકોએ વાયા કરકોલીયા થઈ નાના રાજકોટ-રામપર-લાઠી ચાવંડ દરવાજા-લાઠી ગાગડીયા સર્કલથી ભીડભંજન મહાદેવ થઈ લાઠી - અમરેલી રોડ પરથી પસાર થવા વાહનચાલકોને વિનંતી કરી જેથી તે દરમ્યાન ટ્રાફિક સમસ્યા ઉભી ન થાય. આ જાહેરનામું તા.૨૮/૧૦/૨૦૨૪ના રોજ સવારે ૯:૦૦ કલાકથી સાંજે ૭:૦૦ કલાક સુધી અમલી રહેશે.

# ગીર સોમનાથ જિલ્લા પ્રા. શિક્ષક સંઘના સિનિયર ઉપપ્રમુખ દેવાભાઈ સોલંકીનો વિદાય સમારોહ

ઉના, તા.૨૧



ગીર સોમનાથ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના સિનિયર ઉપપ્રમુખ દેવાભાઈ સોલંકીનો વિદાય સન્માન સમારોહ જૂનાગઢના પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ સન્માન સમારોહમાં ગીર સોમનાથ જિલ્લા પંચાયત કારોબારી સમિતિના અધ્યક્ષ ડાયાભાઈ જાલંધરા, ગીર સોમનાથ જિલ્લા બાંધકામ સમિતિના ચેરમેન બાબુભાઈ પરમાર, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનના પ્રતિનિધિ પ્રકાશભાઈ ટાંક સહિત અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા. હોદ્દેદારોએ દેવાભાઈ સોલંકીનું સન્માન પત્ર, મોમેન્ટો અને શાલ ઓઢાડી વિશેષ સન્માન કર્યુ હતું.

# સુરતમાંથી અંદાજે ૮૦ કરોડની કિંમતનું ૧૦ કિલો સોનું ઝડપાયું

સુરત,તા.૨૧



સુરતમાં ડિરેક્ટોરેટ ઓફ ઈન્ટેલિજન્સ વિભાગને મોટી સફળતા મળી છે. ડીઆરઆઈએ સુરત રેલ્વે સ્ટેશનથી અમદાવાદથી મુંબઈ જઈ રહેલા બે શખ્સોની ૧૦ કિલો સોના સાથે અટકાયત કરી કાર્યવાહી શરૂ કરી છે. ડીઆરઆઈએ બાતમીના આધારે સુરત રેલ્વે સ્ટેશને વોચ રાખી હતી, માહિતી મુજબ બે શખ્સો અમદાવાદ એરપોર્ટ પર જંગી મત્તાના સોના સાથે ઊતર્યા હતા. અમદાવાદ એરપોર્ટથી બંને જણા મુંબઈ ટ્રેનથી જઈ રહ્યા હતા. દરમિયાન ડીઆરઆઈ સુરતની ટીમે ભરૂચ, અંકલેશ્વર રેલવે સ્ટેશને ટીમો મોકલી સુરત રેલ્વે સ્ટેશન આવે એ પહેલા ચાલુ ટ્રેનમાં બંને શખ્સોની અટકાયત કરી હતી. ડીઆરઆઈએ ૧૦ કિલો સોના સાથે બંને શખ્સોને ઝડપી પાડ્યા હતા. હાલ બંને શખ્સો દુબઈથી સોનું લાવ્યા હોવાનું પ્રાથમિક અનુમાન કરવામાં આવ્યું છે. જેની કિંમત અંદાજે રૂપિયા ૮૦ કરોડ છે. દાણચોરીના સોનાની હાલ બધા પાસાઓથી તપાસ શરૂ થઈ ગઈ છે. સુરત એરપોર્ટ પરથી સોનાની વધુ એક સ્મગલિંગ ઝડપાઈ આવી છે, આ સ્મગલિંગ દુબઈથી સુરત આવતી સુરત-શારજાહની ફ્લાઈટમાં થઈ હતી, બેલ્ટના બક્કલમાં ૧૫૦ ગ્રામ એટલે યુવકના બેલ્ટમાંથી રૂ ૧૧ લાખનું સોનું કસ્ટમ વિભાગે ઝડપી પાડ્યું હતું.

# ઉના શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ ખાબક્યો

ઉના, તા.૨૧



તસ્વીર : કૈલાશ ભટ્ટ

ઉના પંથકમાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં પલ્ટો આવતા આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાવા લાગ્યા હતા. વરસાદી માહોલ વચ્ચે ભારે ઉકળાટ અને ગરમીનાં બફારાથી પણ લોકો અકળાઈ રહ્યા હતા ત્યારે રવિવારે ઉના પંથકમાં સવારથી વરસાદી માહોલ જામ્યો હતો. ઉના શહેર અને તાલુકાનાં નજીકના ગ્રામ્ય વિસ્તારોમાં અચાનક ધોધમાર વરસાદ ખાબક્યો હતો. વરસાદના પગલે રસ્તા પર પાણી વહેતાં થયા હતા. થોડીવાર પડેલા ભારે વરસાદના કારણે સમગ્ર ઉના શહેરમાં પાણી પાણી થઈ ગયું હતું.

# જસદણ નજીક આલણસાગર ડેમમાં ડૂબી જતા એક સગીરનું મોત

જસદણ, તા.૨૧



જસદણમાં એક મોટી કરુણાંતિક સર્જાઈ હતી. જેમાં ત્રણ મિત્રો ગઈકાલે જસદણ નજીકના આલણસાગર ડેમમાં ન્હાવા પડ્યા હતા જેમાંથી એક સગીર યુવક ડૂબી જતા મોત થયું હતું. આ બનાવમાં જસદણ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત વિગતો મુજબ, જસદણ નજીક બાખલવડ ગામે આવેલા આલણસાગર ડેમમાં ડૂબી જતા જસદણમાં રહેતા સગીર યુવકનું મોત થયું હતું. આ ઘટનાના સમાચાર મળતા જ સ્થાનિક પોલીસ દોડી ગઈ હતી અને સગીર યુવકના મૃતદેહને પાણીમાંથી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે જસદણની સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. ત્રણ મિત્રો શનિવારે ડેમમાં ન્હાવા પડ્યા હતા અને રવિવારે વહેલી સવારે ડેમમાંથી મૃતદેહ મળ્યો હતો. મૃતકના માથામાં પાછળના ભાગે ઈજાના નિશાન પણ મળી આવ્યા હતા. આ ઘટનામાં એકના એક દીકરાનું અકાળે મોત થતા પરિવારજનોએ હૈયાફાટ રૂદન કર્યું હતું.

# સરકારી ITI કોડીનાર ખાતે યુવાનોમાં વ્યસનમુક્તિ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**વિવિધ સંસ્થાઓના સહયોગથી યુવાનોને માદક દ્રવ્યોથી દૂર રહેવા કરાઈ અપીલ**

કોડીનાર,તા.૨૧



તસ્વીર : ધર્મેશ પાઠક

કોડીનાર સ્થિત સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI)માં નેહરુ યુવા કેન્દ્ર જૂનાગઢ, તાલુકા કાનૂની સેવા સમિતિ, ત્રિનેત્ર અને નોબલ હેન્ડ ફાઉન્ડેશન તેમજ જય જવાન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે માદક દ્રવ્યોના વ્યસનથી થતા નુકસાન અંગે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં તજજ્ઞોએ તાલીમાર્થીઓને માદક દ્રવ્યોના સેવનથી થતા નુકસાન અને તેનાથી દૂર રહેવાની અગત્યતા સમજાવી હતી. વક્તાઓએ યુવા પેઢીને વ્યસનોને તિલાંજલી આપવા અપીલ કરી હતી. આ પ્રસંગે PLV પ્રકાશ જે. મકવાણા, કુંજલ સોલંકી, એક્સ આર્મી રાજેશ મકવાણા, ભાવેશ મકવાણા, YSK દિવ્યા મકવાણા, સેજલ ચુડાસમા ઉપરાંત ITI પ્રિન્સિપાલ, સ્ટાફ અને મોટી સંખ્યામાં તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાનાં ભીમપરા નજીક વાડી વિસ્તારમાંથી દીપડો પાંજરે પુરાયો

ઉના,તા.૨૨



તસ્વીર : કૈલાશ ભટ્ટ

ઉનાના ભીમપરા નજીક વાડી વિસ્તારમાં દીપડાએ રહેણાંક બનાવી લીધું હોય તેમ અવારનવાર મોડી રાત્રે આંટાફેરા કરતો જોવા મળે છે અને પશુઓનું મારણ કરે છે. થોડા દિવસ પહેલા ભોયલા વાડી વિસ્તારોમાં એક રહેણાંક મકાનની દિવાલ ઉપર ચઢીને દીપડો આરામ ફરમાવતો જોવા મળ્યો હતો, જે સીસીટીવી કેમેરામાં કેદ થતા વનવિભાગને જાણ કરી હતી. આથી ભીમપરા નજીક મુકેશભાઈ બાંભણીયાની વાડીમાં પાંજરૂ ગોઠવતા દીપડો પાંજરે પુરાયો જેથી આ વિસ્તારના લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ભેસાણ તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખની ખેડૂતોને સહાય આપવા રજૂઆત

**ખેતીમાં થયેલા પાક નુકસાનમાં રાહત મેળવવા ખેડૂતોની માંગ**

ભેસાણ, તા.૨૧

રાજયમાં છેલ્લા પડેલા ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થયું અને ખેડૂતોના પાકને નુકસાન થયું છે. તેમજ ભેસાણ તાલુકામાં થયેલ ભારે વરસાદને પગલે ખેડૂતોને પાકમાં ખૂબ નુકસાની વેઠવાનો વારો આવ્યો છે ત્યારે પાક અને ખેતીવાડીમાં થયેલ નુકસાન સંદર્ભે માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલને ખેડૂતોને આર્થિક સહાય પેકેજ માટેની રજૂઆત કરતા ભેસાણ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રેખાબેન શીલુએ નુકસાનીનો સર્વે કરી સહાય આપવા રજૂઆત કરી છે.

# RSS દ્વારા કોડીનારના ડોળાસામાં તાલુકા કક્ષાનું ભવ્ય પથસંચલન યોજાયું

કોડીનાર,તા.૨૨



તસ્વીર : અનીલ કાનાબાર

કોડીનાર તાલુકાના ડોળાસા ગામમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા તાલુકા કક્ષાનો પથસંચલન કાર્યક્રમ યોજાયો હતો. સંઘની સ્થાપનાના ૧૦૦ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે વિજયાદશમીના દિવસે આયોજિત આ કાર્યક્રમમાં તાલુકાભરમાંથી અનેક સ્વયંસેવકો જોડાયા હતા. સંત વિરાબાપાની પાવન જગ્યામાં શસ્ત્રપૂજન, બૌદ્ધિક વર્ગ અને શાખા લગાવવામાં આવી હતી. ત્યારબાદ વરસતા વરસાદમાં પણ શિસ્તબદ્ધ રીતે ગામના મુખ્ય માર્ગો પર પથસંચલન કરવામાં આવ્યું હતું, જેમાં ગામલોકો, આગેવાનો, દેશભક્તો અને અનેક બાળકો પણ જોડાયા હતા.

## //તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//

જન્મ નોંધ અરજી રજી.નં.૬૦/૨૦૨૪

**અરજદાર...** (૧)શ્રી શૈલેશભાઈ મધુભાઈ ગજેરા
રે.ગોઢાવદર, તા.લીલીયા, જિ.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી મનોજભાઈ નટવરલાલ દવે
ઠે.દેવ કોર્પોરેટ, બસ સ્ટેશન પાસે, લીલીયા મોટા,
અમરેલી-૩૬૫૫૩૫

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા........** તલાટી કમ મંત્રી- વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ગોઢાવદર, તા.લીલીયા, જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના **ગોઢાવદર** ગામના રહીશ શ્રી શૈલેશભાઈ મધુભાઈ ગજેરાએ તેમના પોતાનો જન્મ ગોઢાવદર મુકામે **તા.૦૧/૦૬/૧૯૭૭**ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી શૈલેશભાઈ મધુભાઈ ગજેરા ના પોતાની જન્મની નોંધ જન્મ રજીસ્ટર **સને-૧૯૭૭** માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરિયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૫/૧૧/૨૦૨૪ ના રોજ સવારના **૧૬:૦૦** કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.
આજ તા. /૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લીલીયા**

## //તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//

જન્મ નોંધ અરજી રજી.નં.૬૩/૨૦૨૪

**અરજદાર...** (૧)શ્રી પ્રવીણભાઈ ગોરધનભાઈ કાછડીયા
રે.ગુંદરણ, તા.લીલીયા, જિ.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી મનોજભાઈ નટવરલાલ દવે
ઠે.દેવ કોર્પોરેટ, બસ સ્ટેશન પાસે, લીલીયા મોટા,
અમરેલી-૩૬૫૫૩૫

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા........** તલાટી કમ મંત્રી- વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ગુંદરણ, તા.લીલીયા, જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના **ગુંદરણ** ગામના રહીશ શ્રી પ્રવીણભાઈ ગોરધનભાઈ કાછડીયા એ તેમના પોતાનો જન્મ ગુંદરણ મુકામે **તા.૦૧/૦૬/૧૯૬૯**ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી પ્રવીણભાઈ ગોરધનભાઈ કાછડીયાના પોતાના જન્મની નોંધ જન્મ રજીસ્ટર **સને-૧૯૬૯** માં થયેલ નથી.હાલ સરકારી કચેરી કામે જરૂરિયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૫/૧૧/૨૦૨૪ ના રોજ સવારના **૧૬:૦૦** કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.
આજ તા. /૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લીલીયા**

## //તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//

જન્મ નોંધ અરજી રજી.નં.૬૬/૨૦૨૪

**અરજદાર...** (૧)શ્રી ભાવનાબેન નવલગીરી ગૌસ્વામી
રે.લોંકી, તા.લીલીયા, જિ.અમરેલી
(૨) અરજદારના વકીલશ્રી શોભિનીબેન બી. વોરા
ઠે. ન્યાયિકા કાનુની સહાય કેન્દ્ર,અમરેલી, જુનુ માર્કેટ યાર્ડ, સિધ્ધિ વિનાયક શોપીંગ સેન્ટર, દુકાન નં. ૪૧/૪૨ અમરેલી. મો. ૯૦૧૬૪૦૫૩૬૮

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા........** તલાટી કમ મંત્રી- વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, લોંકી, તા.લીલીયા, જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે,અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના લોંકી ગામના રહીશ શ્રી ભાવનાબેન નવલગીરી ગૌસ્વામીએ તેમના પુત્ર શ્રી વિજેન્દ્રગીરી નવલગીરી ગોસ્વામીનો જન્મ લોંકી મુકામે તા.૦૫/૦૮/૧૯૯૧ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ભાવનાબેન નવલગીરી ગોસ્વામી ના પુત્રના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને -૧૯૯૧ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા. ૦૫/૧૧/૨૦૨૪ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.
આજ તા. /૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લીલીયા**

## //તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયા ની કોર્ટમાં//

જન્મ નોંધ અરજી રજી.નં.૬૧/૨૦૨૪

**અરજદાર...** (૧)શ્રી વાલજીભાઈ જીવરાજભાઈ બાબરીયા
રે.પાંચતલાવડા, તા.લીલીયા, જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા........** તલાટી કમ મંત્રી- વ- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, પાંચતલાવડા, તા.લીલીયા, જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના પાંચતલાવડા ગામના રહીશ શ્રી વાલજીભાઈ જીવરાજભાઈ બાબરીયા એ તેમના ભત્રીજી શ્રી શારદાબેન પરશોતમભાઈ બાબરીયાનો જન્મ પાંચતલાવડા મુકામે તા.૦૪/૦૯/૧૯૫૬ના રોજ થયેલ છે. જેની જન્મનોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી વાલજીભાઈ જીવરાજભાઈ બાબરીયા ના ભત્રીજીના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને -૧૯૫૬ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા. ૦૫/૧૧/૨૦૨૪ ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.
આજ તા. /૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લીલીયા**

# છેલ્લા દસ વર્ષમાં દેશના જીડીપી ગ્રોથ રેટ ૬% સામે ગુજરાતનો એવરેજ ગ્રોથ રેટ ૮.૫ ટકા

ગાંધીનગર,તા.૨૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૬મા ફાયનાન્સ કમિશન સાથેની બેઠકમાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો કે ગુજરાત જેવાં જે રાજ્યો ફિસ્કલ પ્રુડન્ટ ડિસિપ્લિન્ડ રીતે જાળવે છે તેમને આ માટે કમિશન દ્વારા રીવોર્ડઝ મળવા જોઈએ. આના પરિણામે આવા રાજ્યોના જવાબદાર નાણાં વ્યવસ્થાપન અને શિસ્તબદ્ધ ખર્ચને ઓળખ મળશે એટલું જ નહીં,



અન્ય રાજ્યો પણ આ માટે પ્રેરિત થશે. ૧૬મું ફાયનાન્સ કમિશન તારીખ ૧ એપ્રિલ ૨૦૨૬થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળાને આવરી લેતો અહેવાલ તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ના ઉપલબ્ધ કરાવવાનું છે. છેલ્લા ૧૦ વર્ષમાં દેશનાં જીડીપી ગ્રોથ રેટ ૬ ટકા સામે ગુજરાતનો એવરેજ ગ્રોથ રેટ ૮.૫ ટકાનો જીડીપી દર નોંધાયો છે. આ સંદર્ભમાં અહેવાલ આખરી કરતાં પહેલાં રાજ્યોની મુલાકાત લઈને સંબંધિત રાજ્યો સાથે વિસ્તૃત ચર્ચાઓ હાથ ધરવા ૧૬મું ફાયનાન્સ કમિશન ગુજરાતની મુલાકાતે આવેલું છે. આયોગના સભ્યોએ ભૂપેન્દ્ર પટેલ તથા કનુભાઈ દેસાઈ, રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો સાથે બેઠક યોજી હતી.

# અંકલેશ્વરમાં ફરી ૨૫૦ કરોડથી વધુ કિંમતનું ડ્રગ્સ પોલીસે ઝડપ્યું

(એ.આર.એલ),ભરૂચ,તા.૨૧

ગુજરાતમાં ડ્રગ્સનો કાળો કારોબાર રોકાવાનું નામ લેતો નથી. અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ અવસર એન્ટરપ્રાઈઝ નામની કંપનીમાંથી ડ્રગ્સનો મોટો જથ્થો પકડાયો છે. સુરત અને ભરૂચ પોલીસે હાથ ધરેલા સંયુક્ત ઓપરેશનમાં ૨૫૦ કરોડનો ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હોવાનું માનવામાં આવે છે. અંકલેશ્વર જીઆઈડીસીમાંથી ડ્રગ્સ ઝડપાવાનો



બીજો મામલો છે. પોલીસે ૧૪.૧૦ લાખનું ૧૪૧ ગ્રામ એ.ડી. ડ્રગ્સ કબજે કર્યું છે. અન્ય ૪૨૭ કિલો ડ્રગ્સનો જથ્થો હાલ ચકાસણી અર્થે FSLમાં મોકલવામાં આવ્યો છે. પોલીસે કંપની સંચાલક વિશાલ પટેલ સહિત અન્ય ૨ આરોપીઓની પણ ધરપકડ કરી છે. જ્યારે કંપનીનો માલિક વિદેશમાં હોવાની જાણકારી હાલ મળી રહી છે. આ અગાઉ પણ અંકલેશ્વરમાંથી અનેકવાર ડ્રગ્સ બનાવતી ફેક્ટરીઓ ઝડપાઈ ચૂકી છે. ત્યારે ફરી એકવાર અંકલેશ્વરમાંથી ડ્રગ્સનો મોટો જથ્થો ઝડપાયો છે. આ પહેલાં ૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ દિલ્હીની સ્પેશિયલ સેલે મહિપાલપુરમાં તુષાર ગોયલ નામના વ્યક્તિના વેરહાઉસ પર દરોડા પાડ્યા હતા અને ૫૬૨ કિલો કોકેઈન અને ૪૦ કિલો હાઈડ્રોપોનિક ગાંજાના મોટા કન્સાઈનમેન્ટ જપ્ત કર્યા હતા.

# ઈકોઝોનના વિરોધમાં પ્રથમ વખત જૂનાગઢના સાંસદ જોડાયા, કેન્દ્ર અને રાજય સરકારમાં રજૂઆત કરાશે

(એ.આર.એલ),જૂનાગઢ,તા.૨૧




સમગ્ર ગીર પંથકમાં ઈકોઝોનના વિરોધમાં આંદોલન શરૂ થયું છે ત્યારે તાલાલા ખાતે ગીર પંથકના લોકોનુ સંમેલન યોજાયું હતું. જેમાં પ્રથમ વખત જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમાએ હાજરી આપી હતી. જેમાં કાયદાની નકારાત્મક અસરો વિશે તેઓ કેન્દ્ર અને રાજ્યની સરકારને લેખિતમાં રજૂઆત કરશે તેવો ભરોસો અસરગ્રસ્ત લોકોને આપ્યો હતો. આગામી ૬૦ દિવસ સુધી ખેડૂતો અને ગામલોકો ઓનલાઈન મારફતે ઈકોઝોનના કાયદાની વિરુદ્ધ તેમના વાંધાઓ રજૂ કરે તેવું સૂચન પણ જૂનાગઢના સાંસદ રાજેશ ચુડાસમાએ કર્યું છે. ગીર વિસ્તારના ૧૯૬ ગામોમાં સુચિત ઈકોઝોનનો કાયદો અમલી બનવા જઈ રહ્યો છે. જેને લઈને તમામ ગામોમાં હવે વિરોધનો વંટોળ શરૂ થયો છે.

# પોલીસ પીધેલાઓની પાર્ટીમાં પહોંચી, સુરતમાં ચાલુ પાર્ટીમાંથી સ્પા ગર્લ સહિત ૧૪ ઝડપાયા

સુરત,તા.૨૧

ગાંધીના ગુજરાતમાં દિનપ્રતિદિન દારૂ, ગાંજા સહિતની નશાખોરીનું પ્રમાણ સતત વધી રહ્યું છે. ખાસ કરીને અમદાવાદ, સુરત, વડોદરા જેવા ગુજરાતના મોટા શહેરોમાં હવે દારૂની પાર્ટી એક ફેશન, એક સ્ટેટસ સિમ્બોલ બની ગઈ છે. નબીરાઓ પાર્ટી પ્લોટ અને ફાર્મ હાઉસમાં દારૂ પાર્ટીઓનું આયોજન કરતા હોય છે. જેમાં શરાબની સાથે શબાબ અને કબાબની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. આવી જ એક હાઈફાઈ પાર્ટી સુરત શહેરમાં ચાલતી હતી. જ્યાંથી પોલીસે સ્પા ગર્લ સહિત ૯ યુવતીઓ અને ૫ મહિલાઓ સહિત કુલ ૧૪ લોકોની અટકાયત કરવામાં આવી.

આ ઘટના છે સુરતના મગદલા ગામ વિસ્તારમાં આવેલા એક ઘરમાં બાતમીના આધારે સીઆઈડી ક્રાઈમ દ્વારા રેડ પાડવામાં આવી હતી. જ્યાં નબીરાઓ દારૂ અને ગાંજાની પાર્ટી કરતા જોવા મળ્યાં. સાથે જ ત્યાં સ્પા ગર્લ અને અન્ય યુવતીઓ પણ હાજર હતી. શરાબ, શબાબ અને કબાબ સહિતની તમામ વ્યવસ્થા આ પાર્ટીમાં હતી. પણ પોલીસે આવીને પાર્ટીમાં ભંગ પાડ્યો. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, આ પાર્ટીમાંથી નવ ગ્રામ એમડી ડ્રગ્સ, ૨૨ ગ્રામ ગાંજો અને સાત દારૂની બોટલ જપ્ત કરવામાં આવી છે. સીઆઈડી ક્રાઈમ દ્વારા થાઈ ગર્લ સહિત ૯ યુવતી અને ૫ યુવાનની અટકાયત કરવામાં આવી છે. હાલ તમામના મેડિલક ટેસ્ટ કરવા માટે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા છે. સીઆઈડી ક્રાઈમ દ્વારા ડ્રગ્સનો ગુનો નોંધવામાં આવ્યો છે. મેડિકલ પરીક્ષણ થઈ ગયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# હેલ્મેટના કડક કાયદા વચ્ચે રાજયની સરકારી ઓફિસોમાં હેલ્મેટ વગરના કર્મીઓ દંડાયા

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૨૧

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં હેલ્મેટના કડક કાયદાનો અમલ કરાવવા રાજ્ય સરકારને ટકોર કરી હતી. જેને પગલે ગુજરાતની સરકારી ઓફિસોમાં હેલ્મેટ ડ્રાઈવનું આયોજન કરાયું હતું. જેમાં ગાંધીનગર સચિવાલય બહાર અને રાજકોટ મનપા કચેરીની બહાર અનેક કર્મીઓ હેલ્મેટ વગર ઝડપાતા તેમને દંડ ફટકારવામાં આવ્યો હતો. તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા હેલ્મેટના કાયદાનો કડક અમલ કરાવવા રાજ્ય સરકારને ટકોર કરવામાં આવી હતી. એને લઈને રાજ્ય સરકાર દ્વારા ૧૯ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ પરિપત્ર બહાર પાડીને સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું છે. આ કાયદાનો ૨૦ ઓક્ટોબરથી અમલ શરૂ કરવામાં આવ્યો હતો, જેમાં ગુજરાતભરની સરકારી કચેરીમાં પોલીસ દ્વારા હેલ્મેટ ડ્રાઈવ યોજાઈ રહી છે. ગાંધીનગર સચિવાલય ગેટ બહાર પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરાયું હતું, જેમાં અનેક હેલ્મેટ વગરના કર્મચારીઓ દંડાયા હતા. આજ પ્રકારે રાજકોટ મનપા કચેરીમાં પણ હેલ્મેટ વગરના કર્મીઓ પાસેથી રૂ.૫૦૦નો દંડ વસૂલાયો હતો. આજે ગાંધીનગર સચિવાલય ગેટની બહાર પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઓફિસ અવર્સમાં પોલીસ દ્વારા સચિવાલયના ગેટની બહાર કાર્યવાહી કરવામાં આવતાં ઘણા-ખરા કર્મચારીઓ હેલ્મેટ પહેર્યા વગરના મળ્યા હતાં, જેમની સામે નિયમ મુજબ પોલીસ દ્વારા દંડાત્મક કાર્યવાહી પણ કરવામાં આવી હતી. જોકે સરકારે પરિપત્રને લીધે જે-તે વિભાગના વડાઓએ પોતાના કર્મચારીઓને અગાઉથી જ સૂચનાઓ મોકલી આપવામાં આવી હતી.

